પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૧૧/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૮૪


**સુવિચાર**

માણસ લાકડીના સહારે ચાલે છે એ વાત ખરી પણ તેનો અર્થ એ નથી કે લાકડી માણસને ચલાવે છે. ચાલવું તો માણસે પોતાની શકિતથી જ પડે છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭





## વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે દબદબાભેર કૃષિ મહોત્સવ યોજાયો

**પાકની વાવણીથી લઈને વેચાણ સુધી રાજ્ય સરકાર ખેડૂતોની સંગાથે : વેકરિયા**

**તાલુકાનાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનાં મોડેલ ફાર્મની મુલાકાતે લઈ જવાશે**

**નાયબ દંડકે ઓર્ગેનિક મધ, કૃષિ એગ્રો, આરોગ્ય સહિત વિવિધ પ્રદર્શન સ્ટોલની મુલાકાત લીધી**

**જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી વિગેરે ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૨૪

વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિમાં આધુનિક ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા, ખેડૂતોને નવીનતમ ટેકનોલોજીનું જ્ઞાન મળી રહે, ખેડૂત હિતલક્ષી યોજનાઓની માહિતી ખેડૂતોને પુરી પાડવા અને ખેડૂતોના સશકિતકરણના ઉમદા ઉદ્દેશ સાથે કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. જેના ઉમદા પરિણામો ખેડૂતોને મળી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે અમદાવાદ જિલ્લાના પીરાણા ખાતેથી 'રવી કૃષિ મહોત્સવ ૨૦૨૩' નો રાજયવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો હતો. અમરેલી સ્થિત ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાનો રવી કૃષિ મહોત્સવ–૨૦૨૩ કાર્યક્રમ યોજાયો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

## ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની કામગીરી

# બગસરાના શાપર ગામે ગૌવંશ પર હુમલો કરનાર શખ્સને દબોચી લેવાયો

**ઝડપાયેલ આરોપી મુકેશ ગમનીયા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૪

બગસરા તાલુકાનાં શાપર ગામે ગૌવંશ પર હુમલો કરનાર ઈસમને પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. તથા બગસરા પોલીસ ટીમ ગુન્હાની વિગત એવા પ્રકારની છે કે, અરજણભાઈ રણછોડભાઈ સુવાગીયા રહે.શાપરના ખુલ્લા ખેતરમાં રહેલ ફરજામાં ગઈ તા.૨૨/૧૧/૨૦૨૩ ની રાત્રીનાં કોઈપણ સમયે કોઈ અજાણ્યા ઈમસે

અનુસંધાન પાના ૬ ઉપર

## સમગ્ર પંથકનાં ખેડૂતોએ ડરવાને બદલે સાવચેત રહેવું જરૂરી

# બાબરા પંથકમાં ૨ નર અને ૨ માદા સહિત ૪ સિંહોનો વસવાટ : આરએફઓ કંરગીયા

**પશુઓને વાડામાં બાંધવા અને રાત્રિનાં સમયે લાઈટ અને લાકડી સાથે રાખવી**



પ્રતિકાત્મક તસ્વીર

બાબરા, તા. ૨૪

બાબરા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય પ્રાણીઓની અવરજવર વધતા અહીં માલધારીઓ તેમજ ખેડૂતો અને ખેત મજૂરોમાં ભયની લાગણી તેમજ માલઢોરની ચિંતા સતાવવા લાગી છે. તાલુકાનાં દેવળીયા, ફૂલજર ગામ પાસે એક ખાનગી જીનમાં દીપડાએ ધામા નાખતા વન વિભાગ ધ્વારા લોકોને જાણકારી મળે તે માટે જાહેર માર્ગો પર બોર્ડ મૂકી લોકોને સચેત કરવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ તાલુકાનાં કરીયાણા, ખંભાળા, લાલકા, તાઈવદર, ઘુઘરાળા, પીપળીયા, સમઢીયાળા વિસ્તારમાં સિંહ તેમજ સિંહણની અવરજવર જોવા મળી છે. જેમાં સમઢીયાળામાં બે તેમજ તાઈવદરમાં

અનુસંધાન પાના ૬ ઉપર










# અમરેલી જિલ્લાનાં પાંચ તાલુકાઓમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ






વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો અમરેલી જિલ્લાના પાંચ તાલુકાઓમાં શુક્રવારથી પ્રારંભ થયો છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા, રાજુલા, ધારી, કુંકાવાવ વડિયા, બાબરા તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ થયો હતો. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના પૂર્વનિર્ધારિત રૂટ મુજબ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ધારી તાલુકાઓના ગામડાઓમાં તા.૨૪ નવેમ્બરથી તા.૨૯ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. જયારે સાવરકુંડલા તાલુકામાં તા.૨૪નવેમ્બરથી તા. ૦૧ જાન્યુઆરી,૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે. કુંકાવાવ તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા.૧૬ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. રાજુલા તાલુકામાં આ યાત્રા તા.૨૪ નવેમ્બરથી તા.૨૮ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. બાબરા તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા.૨૨ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. સાવરકુંડલા તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ સાવરકુંડલા તાલુકાના પીઠવડી મુકામે સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, સાવરકુંડલા–લીલીયા, પ્રાંત અધિકારી, સાવરકુંડલા તાલુકા મામલતદાર , સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારી, સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યઓ, સ્થાનિક અગ્રણીઓ, અધિકારીઓ–કર્મચારીઓ અને લાભાર્થીઓની વિશાળ હાજરીમાં રથને લીલીઝંડી બતાવી પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજુલા તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ રાજુલા–જાફરાબાદ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, રાજુલા–જાફરાબાદ પ્રાંત અધિકારી તેમજ તાલુકા વહીવટીતંત્રના અધિકારીઓના હસ્તે રથને લીલીઝંડી બતાવી કરાવવામાં આવ્યો હતો. ધારી તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથને પ્રાંત અધિકારી અને તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા ધારી તાલુકા પંચાયત કચેરીથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. કુંકાવાવ–વડીયા તાલુકામાં પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથને લીલીઝંડી બતાવી તાલુકાના વિવિધ ગામમાં પ્રસ્થાન કરવાવામાં આવ્યું હતું. આ યાત્રા દરમિયાનસરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજજવલા યોજના, પ્રધાનમંત્રી વિકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ–જલજીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જયોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટીલાઈઝર યોજના સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જનકલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

### ક્રિષ્ના કો.ઓ. સોસયટીએ કેસ કરતા

## લીલીયાનાં હોમગાર્ડ જવાનને ચેક રીટર્ન કેસમાં ૬ માસની સજાનો હુકમ

### મંડળીનાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો

લીલીયા, તા. ૨૪

લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બીકદાર (૧) વસીમભાઈ અબ્દુલભાઈ કુરેશ રે. લીલીયાનો ચેક રૂા. ૮૮,૬૩૫ નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતાં લીલીયા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપેરટવી સોસાયટીનાં માનદ મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કેસ નં. ૧૭૮/૨૦૨૩નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતાં અદાલત ધ્વારા હોમગાર્ડ જવાનને છ માસની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ રૂા. ૮૮,૬૩૫ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતાં મંડળીનાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

### જિલ્લામાં રાજકારણ સિવાય કોઈ નવી ચર્ચા થતી નથી

## અમરેલી જિલ્લાનાં ભાજપ–કોંગ્રેસનાં કાર્યકરોમાં પણ પાંચ રાજયોની ચૂંટણીને લઈને ચર્ચા

### ઔદ્યોગિક અને વ્યાપારીક રીતે પછાત જિલ્લામાં રાજકારણમાં તેજી

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લો ઔદ્યોગિક અને વ્યાપારીક રીતે પછાત માનવામાં આવી રહ્યો છે પરંતુ રાજકારણમાં હંમેશા તેજી જોવા મળતી હોય છે. અમેરિકામાં પણ ચૂંટણી હોય તો જિલ્લાનાં ભાજપ–કોંગ્રેસનાં કાર્યકરોમાં ચર્ચાઓ ઉભી થતી હોય છે.

દરમિયાનમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમ અને તેલંગણામાં વિધાનસભાની ચૂંટણીઓ હોય અમરેલી જિલ્લાનાં રાજકીય કાર્યકરો કયાં પક્ષને સફળતા મળશે અને કોને નિષ્ફળતા મળશે, કયાં પક્ષની સરકાર બનશે તેની ચર્ચાઓ તેમજ તેના પર સટ્ટો રમતાં જોવા મળી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં રાજકારણ એ જ મુખ્ય ઉદ્યોગ હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે અને બારે મહિના રાજકારણ સિવાય અન્ય કોઈ વેપાર–ધંધાની ચર્ચાઓ ગંભીરતાથી થતી નથી. જિલ્લાનાં મુખ્ય બે ભાજપ અને કોંગ્રેસનાં કાર્યકરો તેના નેતા કયાં છે, કયાં જવાના છે, કયારે આવશે તેની ચર્ચાઓ કરતા જોવા મળી રહ્યા છે અને ધારાસભ્ય કે સાંસદ કે અન્ય મહત્વનાં આગેવાનોની આગળ–પાછળ જોવા મળી રહ્યાં છે.

### પરિક્રમાના રૂટમાં બોરદેવી નજીક બની ઘટના

## ૧૧ વર્ષિય યુવતી પર દીપડાએ હુમલો કરતા તેનુ કરૂણ મોત થયું

### પરિક્રમામાં દીપડો માનવીય વસ્તીમાં ઘૂસી આવતા ફફડાટ

અમદાવાદ,તા.૨૪


ગિર વિસ્તારમાં ચાર પગનો આતંક વધી રહ્યો છે. ગિરનારમાં લીલી પરિક્રમા દરમિયાન બાળકી પર દીપડાએ હુમલો કર્યો હતો. જે હુમલામાં ૧૧ વર્ષીય બાળકીનું કમકમાટી ભર્યું મોત થયું છે.

ગિરનારની લીલી પરિક્રમા દરમિયાન આદમખોર દીપડાનો હચમચાવી દે તેવા હુમલાની ઘટના સામે આવી છે. ૧૧ વર્ષીય પાયલ નામની યુવતી પર દીપડાએ હુમલો કરતા તેનુ કરૂણ મોત થયું છે. પરિક્રમાના રૂટમાં બોરદેવી નજીક ઘટના બની છે.

દિવસને દિવસે ક્રોનકીટના જંગલો વધી રહ્યાં છે તેમજ વૃક્ષો અને જંગલોનું નાશ થઈ રહ્યું છે તેમ તેમ જંગલીય પ્રાણીઓ માનવ વસવાટમાં ઘૂસી રહ્યાં છે. જેને લઈ અવાર નવાર સિંહ તેમજ દીપડાના હુમલાની ઘટના પણ સામે આવતી હોય છે.

જો કે, આ વખતે લીલી પરિક્રમાં દીપડો માનવીય વસ્તીમાં ઘૂસી આવતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યું છે. યુવતીના મૃત્યુને લઈ પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે

## અમરેલીનાં સાહિત્યકાર ગણપતભાઈ ઉપાધ્યાયનું દુઃખદ અવસાન થયું



અમરેલી, તા. ૨૪

ગુજરાતી ભાષાનાં પ્રસિદ્ધ વાર્તાકાર, નવલકથાકાર અમરેલીના વતની ગણપતભાઈ ઉપાધ્યાય નું ૯૦ વર્ષની જૈફ વયે તા.૨૩–૧૧–૨૦૨૩ને અગિયારશ ના દિવસે અવસાન થયેલ છે. ગણપતભાઈ ઉપાધ્યાય પ્રસિદ્ધ ગુજરાતી ત્રિમાસિક 'છાલક' ના તંત્રી તેમજ ગદ્ય સાહિત્ય સભા અમરેલીના પ્રમુખ તરીકે જીવનપર્યંત સેવાઓ આપી હતી. નવલકથા – ટુંકી વાર્તા – ચિંતન લેખોમાં એમનું સત્વશીલ સર્જન રહ્યું હતું. શિક્ષણ ચિંતન ના હિમાયતી હતા. ' છાલક' સામયિક દ્વારા કસાયેલી કલમ અને પ્રતિભાશાળી નવા લેખકોને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. જીવન મૂલ્યો આધારિત શિક્ષણ આપતી તેમની શિક્ષણ સંસ્થા જીવન તીર્થવિદ્યાલય અમરેલીથી અનેક વિદ્યાર્થીઓએ જીવન દૃષ્ટિ કેળવી હતી. સાહિત્ય સર્જન, શિક્ષણ ચિંતન, સમાજસેવામાં સતત ઉમદા કાર્ય કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. સદ્ગતની અંતિમ યાત્રામાં અમરેલી સાહિત્ય જગતમાંથી રવજીભાઈ કાચા, વાસુદેવ સોઢા, પરેશ મહેતા, મહેન્દ્રભાઈ જોષી, પ્રકાશભાઈ જોષી, જસ્મીન જોષી, મયુર ગોરખીયા એ હાજર રહી ભાવપૂર્ણ અંજલિ આપી હતી. ઉપરાંત જ્ઞાતિજનો, નગરજનો સહિત સહુ બહોળી સંખ્યામાં ઉપાધ્યાય પરિવારનાં શોકમાં સહભાગી બન્યા હતા.

## ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ગુજરાતની મુલાકાતે

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ એરપોર્ટ પર મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું સ્વાગત કર્યું. ત્યારે રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા, અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમાર, જીએડીના અધિક મુખ્ય સચિવ કમલ દયાણી વગેરે તેમનું સ્વાગત કરી અભિવાદન કર્યું હતું.

ત્યારે રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા, અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમાર, જીએડીના અધિક મુખ્ય સચિવ કમલ દયાણી વગેરે તેમનું સ્વાગત કરી અભિવાદન કર્યું હતું.રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિક, મુખ્ય પ્રોટોકોલ ઑફિસર જ્વલંત ત્રિવેદી, કલેકટર પ્રવીણા ડી.કે. વગેરે મહાનુભાવોએ તેમનું સ્વાગત કરી અભિવાદન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિ મહાત્મા મંદિરમાં કાર્યક્રમમાં હાજરી આપશે.

### સ્થાનિકોએ અનેક વખત તંત્ર સમક્ષ રજુઆત કરી

## સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર ફુટપાથ બનાવવા શહેરીજનોની માંગ

### મહિલાઓ, વૃધ્ધો અને બાળકોનાં હિતમાં કામગીરી કરો



સાવરકુંડલા. તા. ૨૪

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર ફૂટપાથ વહેલીમાં વહેલી તકે બને તેવી આ વિસ્તારના લોકોની માંગણી છે. અગાઉ આ સંદર્ભે. આ વિસ્તારના રહીશો દ્વારા સલંગ્ન તંત્રને લેખિત રજૂઆત પણ કરવામાં આવેલ છે.

સગર્ભા મહિલાઓ,બાળકો અને વૃધ્ધજનો માટે આ રસ્તા પર સરળ તાથી અવર જવર કરવા માટે ફૂટપાથ આવશ્યક પણ છે. સાવરકુંડલા શહેરમાં આવેલ હાથસણી રોડ પર રોડની બંને બાજુએ ફૂટપાથ કયારે બનશે ?

સાવરકુંડલા શહેરના હાથસણી રોડની બંને સાઈડમાં લોકો સરળતાથી અવરજવર કરી શકે એ માટે રસ્તાની બંને બાજુ ફૂટપાથ બનાવવાની લોકમાંગ ઉઠી છે. આમ તો આ રોડ પર આગળ માનવમંદિર તથા શિવદરબાર આશ્રમ કાનાતળાવ તથા હાથસણી ગામ પાસે શેલ દેદૂમલ ડેમ પણ આવેલ હોય લોકોનો આવરો જાવરો આ રોડ પર વધુ રહે છે.એટલે વાહનોની આવન જાવન પણ વધુ રહે છે. એટલે ઘણી વખત બેફામ સ્પીડે જતાં વાહનો દ્વારા રસ્તા પર જતાં રાહગીરોને અકસ્માતનો ભય પણ રહે એ સ્વાભાવિક છે. ખાસ કરીને આ રોડ પર સગર્ભા સ્ત્રીઓને,બાળકો અને વૃધ્ધોને જો ફૂટપાથ બને તો ચાલવામાં વધુ સરળ તા રહે.જો કે આ સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકાઅને અમરેલી જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનને પણ અગાઉ લેખિત રજૂઆત કરી હતી. અને છેલ્લે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પણ આ સંદર્ભે મૌખિક રજૂઆત કરવામાં આવી છે. લોકો વહેલીમાં વહેલી તકે આ વિસ્તારના રોડ પર ફૂટપાથનું નિર્માણ થાય તેવું ઈચ્છી રહ્યા છે. જો વાત ડીમાર્કેશન એટલે કે હદ નિશ્ચિત કરવાની હોય જેમકે નગરપાલિકા કે જિલ્લા પંચાયત જેની પણ હદ હોય તે સંદર્ભે યોગ્ય સંકલન સાધી આ રોડની બંને સાઈડમાં ફૂટપાથનું નિર્માણ થાય એવું લોકો ઈચ્છી રહ્યા છે. ટેકનિકલી જે કંઈ ઘટતું કરવું પડે એ સંદર્ભે તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે સંકલન કરીને વહેલીમાં વહેલી તકે ફૂટપાથ થાય એ જરૂરી છે.

# સા.કુંડલા ખાતે મહાત્મા મુળદાસજીનાં ૩૪૯માં જન્મજયંતી મહોત્સવની ઉજવણી






સાવરકુંડલા શ્રી લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે શ્રી મુળદાસ યુવક મંડળદ્વારા લુહાર જ્ઞાતિ કુળ ભૂષણ સંત શ્રી મહાત્મા મુળદાસજીનો ૩૪૯ મો જન્મ જયંતી મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગ નિમિત્તે સવારે ૯:૦૦ કલાકે સંત શ્રી મહાત્મા મુળદાસજીનું પૂજન ધ્વજારોહણ આરતી ત્યારબાદ બપોરના સમયે લુહાર જ્ઞાતિ સમાજનું સમૂહ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં સમસ્ત લુહાર સમાજ ઉત્સાહપૂર્વક સહભાગી બની પૂજન અર્ચન આરતી તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## ૧૦ વર્ષ પહેલા કપાસનો જે ભાવ મળતો હતો તે પણ હાલમાં મળતો નથી

# ભાજપનાં રાજમાં ગરીબો અને ખેડૂતો દયનીય સ્થિતિમાં : ઠુંમર

**ખાતર, બિયારણ, ડીઝલ, મજૂરીનાં ભાવોમાં વધારો થયો અને કપાસનો ભાવ ઘટી રહ્યો છે**

**ભાજપનાં આગેવાનો અન્ય રાજયોમાં ૪૦૦ રૂપિયામાં ગેસ સીલીન્ડર આપવાનું વચન આપે અને ગુજરાતમાં ઠેંગો**

**ખેડૂતોને પુરતા પ્રમાણમાં વીજળી અને ખાતર પણ પહોંચાડવામાં ભાજપ સરકાર નિષ્ફળ સાબિત થઈ છે**

**અમદાવાદનાં ક્રિકેટ સ્ટેડિયમનું નામ બદલવાનું કારસ્તાન કરીને ભાજપે સરદારને અન્યાય કર્યો છે**



અમરેલી, તા. ૨૪

ગુજરાતનો ખેડૂત અને ગરીબવર્ગ માર્યા-માર્યા ફરે છે તેમ જણાવી સાંસદ/ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે એક પ્રેસ નિવેદન કરી જણાવ્યું હતું કે, ૨૦૨૨ માં ખેડૂતની ડબલ આવક કરવાની વાતો કરનારી સરકારનાં રાજમાં કપાસ ૧ મણ રૂા. ૧૪૦૦ થી નીચે વેચાઈ રહ્યો છે. મનમોહનસિંહની સરકારમાં તે વખતે રૂા. ૧૬૦૦ મળ તા હતા. ૧૦ વર્ષ યુપીએની સરકાર અને ૧૦ વર્ષ ભાજપની સરકારમાં સરખામણી કરવામાં આવે તો ખેડૂતની પરિસ્થિતિ બેહાલ બની છે. ૨૦૦૫-૦૬માં રૂા. ૧૬૦૦ કપાસ અને રૂા. ૭૦૦ ડીએપીએની થેલી, રૂા. ૧૯૦ યુરીયા, રૂા. ૫૨ ડીઝલ, સિમેન્ટ લોખંડનો ભાવ હતો તે કરતા ત્રણ ગણો થયો છે. ખેડૂતોને પાયાનું ખાતર મળતું નથી અને ભાજપની સરકાર રોજ વાહ-વાહી લૂંટી રહી છે. ૧૫૬ની છાતીની વાતો કરનારી ભાજપની સરકારને ૧૫૬બેઠક ગુજરાતની જનતાએ આપ્યા પછી નોનપ્લાન રસ્તાનું બાળ મરણ થયું છે. ખેડૂતો દેવામાં દબાતા આત્મવિલોપન કરી રહ્યા છે. ગરીબ માણસ પોતાના અંગો વહેંચીને દિવાળી ઉજવી રહ્યા છે. ત્યારે બે મોઢાની ભાજપ છત્તીસગઢ અને રાજસ્થાનમાં રૂા. ૫૦૦ ગેસના બાટલા આપવા ફાકા જીકી રહી છે જયાં ભાજપ જીતવાનું નથી. ગુજરાતમાં ૩૫ વર્ષથી ભાજપનું રાજ ચાલે છે તો ગુજરાતની જનતાનો શું વાંક છે ? ૧૫ વર્ષ પહેલા કપાસનાં રૂા. ૧૬૦૦ મળ તા હતા હવે રૂા. ૧૪૦૦ મળે છે તેમાં ખેડૂતનો શું વાંક છે ? તેવો એક વેધક પ્રશ્ન સાથે પૂર્વ સાંસદે દુઃખ સાથે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલનું નામ વટાવી સરદારને નેસ્ત નાબુદ કરવાનું સરદારના નામે લોકપ્રિયતા લેવાનું ભાજપનું જે કારસ્તાન છે જો ભાજપ સરદારને માનતા હોય તો કોમી પરિબળ ઉપર સરકારે પ્રતિબંધ મુકયો હતો તેના પર ભાજપ શું કહેવા માંગે છે તેનો પણ ખુલાસો કરે. તેમ અંતમાં જણાવ્યું હતું.

## અમરેલી ખાતે પધારેલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું સ્વાગત કરતી ટીમ સહકાર



અમરેલી, તા. ૨૪

અમરેલીથી લાલાવદર સુધીના ચારમાર્ગિય રોડનું ખાતમુર્હૂત ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં વરદ હસ્તે કરવામાં આવેલ. ત્યારે ટીમ સહકાર અમરેલી તરફથી અમરડેરી ના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. નાં અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી વગેરે સહકારી અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું શાલ, પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સ્વાગત સહ સન્માન કરવામાં આવ્યું હતું.

## સાવરકુંડલાનાં પત્રકારની પૌત્રી ધાર્વિ પાંધીનો આજે જન્મદિવસ



સાવરકુંડલા. તા. ૨૪

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીની પૌત્રી ધાર્વીબેનનો આજે જન્મદિવસ છે.આજે તેણે એક વર્ષ પૂર્ણ કરીને બીજા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.તેમના જન્મદિવસ નિમિત્તે તેમના માતા પિતા, દાદા દાદી, સગા - સબંધીઓ દ્વારા આજરોજ જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આજે તેમના જન્મદિવસ દિવસ નિમિત્તે ધાર્વીબેન તમામ શહેરીજનોને સાવરકુંડલા શહેરને પ્લાસ્ટિક મુક્ત કરવાની ઝુંબેશને સફળ બનાવવા માટે અપીલ પણ કરે છે. મહાદેવના ચરણોમાં પ્રાર્થના સહ સાવરકુંડલા શહેર સુવર્ણકુંડલામાં પરિવર્તિત થાય એવી પ્રાર્થના સાથે સૌને જય જલારામ જયશ્રી કૃષ્ણ અને સીતારામ કહી રહ્યા છે.

### જીલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

## અમરેલી ખાતે ૭૦માં અખિલ ભારતીય સહકાર સપ્તાહનો સમાપન સમારોહ યોજાયો



અમરેલી, તા. ૨૪

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને ગુજરાત રાજય સહકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અને અમરેલી જીલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી ખાતે તારીખ ૧૪ નવેમ્બરથી ચાલુ થયેલ ૭ દિવસીય ૭૦ મો અખીલ ભારતીય સહકાર સપ્તાહ નો સહકારી શિક્ષણ અને તાલીમનું પુનરૂત્થાન વિષય પર સહકારી સેમીનાર અને સહકાર સપ્તાહનો સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં સેમીનારનાં અધ્યક્ષ સ્થાનેથી યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બહુ આયાતી સ્તરે ભારત સરકાર આ ક્ષેત્રમાં પરિવર્તન લાવવા અને નવસંચાર કરવા પગલાંઓ લઈ રહી છે. રોજગારીની તકો વધારી તેમના આવકના સ્ત્રોતો વધારી રહ્યા છે. સરકારે પણ વિશ્વનાં સૌથી મોટા વિકેન્દ્રિત અનાજ સંગ્રહ માળખા વગેરે ઊભા કારવા પર પ્રાથમિક રીતે ધ્યાન કેન્દ્રિત કરીકૃષિ માળખાના સર્જનનું મહત્વનું પગલું ભર્યું છે.

### જિલ્લામાં પ્રમુખ તરીકે મુકુંદ મહેતાને જવાબદારી

## અમરેલી જિલ્લા સમસ્ત અને શહેર સમસ્ત બ્રહ્મ સમાજનાં હોદ્દેદારોની વરણી

**શહેર પ્રમુખ તરીકે ચિરાગ ત્રિવેદીની નિમણુંક**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ તરીકે મુકુંદભાઈ મહેતા અને મહામંત્રી તરીકે ભગીરથ ત્રિવેદીને અને શહેર સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ તરીકે ચિરાગ ત્રિવેદી અને મહામંત્રી તરીકે ગોપાલ ભટ્ટ અને ભાવિન ભટ્ટની નિમણુંક કરવામાં આવી છે.

સંગઠન મંત્રી, મહિલા પાંખ, યુવા પાંખ તેમજ સાંસ્કૃતિક અને શૈક્ષણિક સમિતિ, સેવા સમિતિ, સલાહકાર સમિતિની પણ રચના કરવામાં આવી છે. નવનિયુકત હોદ્દેદારોને શુભેચ્છા આપવામાં આવી રહી છે.


''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૮૨૭

આકર્ષક પગારથી માણસ જોઇએ છે
પેટ્રોલ પંપ તથા સ્ટોન ક્રશરમાં વહીવટી કામ કરી શકે તેવા તેમજ બેંકના કામના જાણકાર
એકાઉન્ટન્ટ કમ ઓપરેટર
ની જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે.
સંપર્ક : નિલવડા, તા. બાબરા.
મો. ૯૯૭૮૩ ૯૭૩૬૮ ■ ૯૯૦૯૬ ૦૯૫૬૯ ■ ૯૭૧૨૫ ૫૨૪૪૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
fascino 125 Fi
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
(ફ્યુલ ઈન્જેકશન)
BS-6 લોન્ચ

ભારતમાં પ્રથમવાર એક સ્કુટરમાં સાત સેન્સર ધરાવતું સ્કુટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ કવોલિટી સાથે
30% POWER 16% MILEAGE
BS-VI COMPLIANT
» બધા ૪ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ

ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

એકદમ ક્રિસ્પી ખાજલી

મોહનથાળ ગુલાબ જાંબુ
ટોપરાપાક લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
BIG XOOM
LED TAIL LAMP

DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઇપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

# વાર્તા–વૈભવ



નિધિ મહેતા

**પરિચય**

નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ, પતિનું નામ, જતીન મહેતા, લેખક, કવયિત્રી, મોટીવેશનલ સ્પીકર. જન્મ તારીખ ૨ સપ્ટેમ્બર૧૯૮૩, જન્મ સ્થળ : શિહોર, જિઃ ભાવનગર, વતન : અમરેલી. હાલનું સરનામું : ૧૦૧, ગણેશ પ્લેટિનમ, મેગ્નેટ લાઈફ સ્ટાઈલની સામે. વૈષ્ણોદેવી સર્કલ અમદાવાદ–૩૮૨૪૨૧, મો : ૮૭૫૮૯૬૨૩૪૦.

અભ્યાસ : M.A. ગુજરાતી. લેખન કાર્યની વિગત : ૧, વાર્તા લેખન–વિવિધ વર્તમાનપત્રોની પૂર્તિ તથા વિવિધ સામયિકોમાં પ્રકાશિત થાય છે. ૨, વર્તમાન પત્રોમાં કોલમ લેખન–એક વાત કહું કોલમ – જયહિન્દ દૈનિક પૂર્તિ.– અનુભૂતિના અક્ષરો કોલમ–અમરેલી એકસપ્રેસ દૈનિક. રવિપૂર્તિ.–ફૂલવાડી બાળસાપ્તાહિક પૂર્તિમાં નિયમિત બાળવાર્તા.–ગુજરાત મેઈલ–આર્ટિકલ– સંદેશ નારી પૂર્તિમાં ગઝલ અને કાવ્યો– ગુજરાત સમાચાર, સહિયર પૂર્તિમાં વાર્તાઓ. વાર્તા, આર્ટિકલ અને કાવ્યો, નાગરસેતુ, બનાસ મેગેઝીન, કલા વિમર્શ, વિવેક ગ્રામ, નવ ચેતન, જેવા વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલ છે અને થતાં રહે છે.

ડિજિટલ ક્રીએટર – Youtube, facebook, instagram & moj નાં માધ્યમથી સાહિત્યિક તેમજ મોટીવેશનલ વિડિયો નિર્માણ અને રજૂઆત. સોશિયલ મીડિયામાં અનેક સાહિત્યિક ગૃપોમાં ગીત, ગઝલ, લેખ, વાર્તા વિવિધ સ્વરૂપોમાં શબ્દ ખેડાણ અવિરત ચાલુ છે.

માન સન્માન : ૧, ગદ્ય સાહિત્ય સભા– અમરેલી. તરફથી સન્માન. ૨, રાષ્ટ્રિય એવોર્ડ વિજેતા શિક્ષક અને લેખક સુધીરભાઈ મહેતા તરફથી સન્નમાન. ૩, નાનાભાઈ ત્રિવેદી, ભાનુમતી ત્રિવેદી વિજ્ઞાન ભવન, મોટા ચારોડીયા તરફથી સન્નમાન. ૪, પર્યાવરણ ટ્રસ્ટ – અમરેલીમાં કાવ્ય લેખન સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન. મારી સાહિત્યની કેડીના પ્રેરકબળ. વાસુદેવ સોઢા. સાહિત્યકાર. અમરેલી.

## ''મારૂ ઘર''

**– નિધિ મહેતા**

અપેક્ષા શમણાઓ ગુંથતી બેડમાં ઝંપી ગઈ હતી. નીરવ તેની પાસે બેસી ડાયરી લખતો હતો. લગ્ન પછી હનીમૂન પર ગયા હતા. તે ૧૫ દિવસે પાછાં આવેલા. હવેથી આ સપનાનું ઘર અને સપનાનો સંસાર વાસ્તવિકતામાં સજાવવાનો હતો. નવું ઘરને આ નવો માહોલ બધું અપેક્ષા માટે અપરિચિત હતું. જોકે લગ્ન પહેલા એક વખત વત્સલાબેનનાં કહેવાથી નીરવ તેને ઘરે લઈ આવેલો. થોડો પરિચય કેળવાય અને અપેક્ષા ઘરથી થોડી માહિતગાર થાય એવા હેતુથી વહુને લાવવા વતસલાબેને કહેલું.

જોકે વધુ સમય નહોતો તે આવીને ઘરનાં ડ્રાઈંગ રૂમમાં બેઠેલી તે સમયે તેણે આડકતરી આંખે ચોતરફ નજર ફેરવી હતી. દીવાલ પરના દ્રશ્યચિત્રો, ફોટોઓ અને દરવાજાની બરાબર સામે લગાવેલી મોટા શ્રીનાથજીના ફોટા ઉપર તેની નજર થંભી ગઈ હતી. વળી વત્સલાબેનનાં કહેવાથી નીરવ તેને પોતાનો રૂમ બતાવવા પણ લઈ ગયો હતો. એકદમ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલો હતો. અલમારી ઉપર પુસ્તકોની ગોઠવણ નીરવનો પુસ્તક પ્રેમ દર્શાવતી હતી. રૂમને જોતાં જ અપેક્ષા તેના ભવિષ્યનાં શમણાઓમાં સરી પડી હતી. હા, બસ આ... જ શયનખંડ છે, જયાં તે.. અને ની..રવ ! વિચારતા જ તે શરમાઈ ગઈ હતી. રૂમમાં અરીસો હતો. બારીને કોઈ પડદો લગાવેલો નહોતો. તે પડદો તો લગાવવો જ પડશે એમ વિચારી મનમાં જ શરમાઈ હતી. લાલ લાલ થઈ હતી. ભવિષ્યના શયનખંડનાં સોનેરી શમણાઓમાં ઝુલતી અપેક્ષાને વત્સલાબેને સાદ કર્યો ને તે ઝબકી હતી.

લગ્ન ખુબ ઉતાવળે આટોપાયેલા. અને લગ્ન પછી તરત જ સાંજની ટ્રેનમાં હનીમૂન માટેની ટિકિટ કરાવેલી સીમલા – મનાલી જવાની. એટલે બધી જ તૈયારીઓ કરી લીધેલી, એટલે આ શયનખંડનાં શમણા તો આવ્યા પછી જ સત્ય થવાનાં હતા. લગ્નમાં વિદાય સમયે સાસુ વત્સલાબેન કહેલું : ''દીકરીની ચિંતા ના કરશો તે અમારી દીકરી સૌમ્યાની જેમ જ રહેશે'. એ વાકય તેનાં સ્મરણમાં હતું.

અપેક્ષાને પસાર થતી ટ્રેનની સાથે પોતાનાં જીવનનાં પસાર થયેલા પડાવોનું સ્મરણ થતું હતું.

શૈશવ, યુવાની અને હવે લ..ગ્ન....! અને આ લગ્ન સમયે સગાંવ્હાલા, મા અને સખીઓએ આપેલી સલાહ ને શિખામણો પણ યાદ આવતાં હતા. કેટલાકે કાન ભરેલા કે, 'આ મીઠા બોલી સાસુથી જરા સાચવજે ને પહેલેથી જ પતિને વશમાં કરી લેજે સમજી...! શબ્દો કાનમાં પડઘાતાં હતાં. સહુ અનુભવીઓએ મતિ અનુસાર રસ્તો તેને બતાવ્યો હતો. ને અપેક્ષાથી પહેલા પરણેલી બધી સહેલીઓએ તો એ રસ્તે કેમ ચાલવું તેની વિગતવાર સમજણ પણ આપેલી. આમ.... આ..મ...આ..મ. કરાયં 'હં આ..મં ?'' પણ' શા માટે ? વિચારતી, તે થોડી ગભરાઈ હતી.

જોકે, આ સીમલા – મનાલીનાં સૌદર્યમાં અપેક્ષા ને નીરવ એક મેકમાં ઓતપ્રોત થઈ ગયાં હતા. સમય ખુબ આનંદમાં વીતતો હતો. એ બર્ફીલા પહાડોની હારમાળા, અપાર હરિયાળી ને ચારેય કોર પ્રકૃતિની ચાદર પથરાણી હતી. ને એ ચાદરમાં આ નવદંપતી એકમેકમાં ઓટોપાઈ જતાં દિવસે આ પ્રકૃતિનું સૌદર્ય પલાળતું અને રાત્રે એકબીજાનો પ્રેમ, બૈય ભરપૂર ભીંજાતાં હતા.

અલપ–ઝલપ ખબર અંતર પૂછવા બહેનપણીનાં ફોન પણ આવતાં. ''અલી બરાબર તો ચાલે છે ને બધું ?, નીરવ બરાબર ખુંપી ગયો ને તારામાં ? '' જો રૂબરૂ આવે ત્યારે બધું પૂછીશ.''

રાતનો નશો અને સવારની ચુસ્તી ઉડાડી નવી તાજગી ભરવા હોટલનો એક નેપાળી બોય ગરમાગરમ મસાલા ચા આપી જતો. તેનો મસ્ત હસમુખો ચહેરો અને મીઠી બોલીથી સવાર સુધરી જતી. આ બધાની વચ્ચે વારેવારે અપેક્ષાને ''સાચવજે મીઠા બોલી સાસુથી' એ શબ્દો યાદ આવી જતો. તે નીરવ સિવાય કોઈને કયાં જાણતી હતી ? માત્ર ચહેરાનાં ચિત્રની ઓળખાણ હતી. બાકી ખરૂં ઓળખવું તો હજી દૂર હતું.

અચાનક તેને વિચાર આવ્યો કે, ખરેખર કયાં કોઈને ઓળખી શકાય છે ? આખી જિંદગી જાય તો પણ ? એમ તો નીરવ પણ એને કયાં ઓળખતો હતો ? તો તેની મમ્મી શું એમ ઓળખી શકાય ?અપેક્ષા પોતાનાં શયનખંડમાં હતી. અને નીરવ ડાયરીમાં હિસાબ લખતો હતો પ્રવાસનો. તે ભ્રમણામાં ભમી રહી હતી. અ..રે..! આ શું ? આ સીમલા કે મનાલીની હોટલ રૂમ નથી? આ તો તેના નવા ઘરનો શયનખંડ હતો. અરે ! ત્યાં તો એ હરિયાળી, ઝરણાનો અવાજ, સુસ્વાટા મારતી હવા, બર્ફીલા પહાડોની ઠંકડ, ત્યાંની ઠંડીથી બચવા રૂમમાં હીટર હોય. ને શાંત ને સુંદર વાતાવરણ હોય, સ્નેહનાં સરોવરમાં એ બેય પલળતાં હોય, એ આખેઆખો પ્રવાસ અપેક્ષાની આંખે અટવાતો હતો. કયાં કયાં સ્થળ જોયા ? કયાં કયાં મંદિરે ગયા ? કયાં કેટલા વૃક્ષો હતાં, કયાં હાથમાં હાથ રાખી ગળે વળગી ફોટાઓ પડાવેલા ? બરફનાં ગોળા ફેંકી એકબીજાને મારેલા, એ ઝીરો તાપમાને રોહતાંગ પર જઈ બેયનાં નાક લાલ થઈ ગયેલા, અને પછી એ ઠંડીને ઉડાડવા એકબીજાના બાહુપાશમાં બરાબર ભિંસાઈ ગયેલા. બહુ જ સ્મરણ આંખ સામે તરવરતું હતું. **(વધુ આવતા અંકે)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## શ્રી નાગનાથ મહાદેવ



– ડો. વસંતભાઈ પરીખ

**શિવલિંગ**

ગર્ભગૃહની અંદર, મધ્યમાં ભગવાન શ્રી શિવનું સ્વયંભૂ લિંગ છે. તેના ઉપર ફણાધારી ચાંદીનાં નાગદેવતા છત્ર ધરી રહે છે.

ઉપરથી જલઝારી માંથી લિંગ ઉપર સતત જલધારા થયા કરે છે. લિંગ ભગવાન પર બિલિપત્ર, પુષ્પ, દુધ અને પંચામૃતનો અભિષેક થયા કરે છે. અને અવાર–નવાર રૂદ્રીના પવિત્ર મંત્રોચ્ચાર તથા ધૂપ સંગધીથી સમગ્ર ગર્ભગૃહ પવિત્રતાના આંદોલનો પ્રગટ કરે છે. જે મંડપમાં રહી દર્શન કરતા ભાવિકોના હૃદયને પણ સ્પંદિત કરે છે.

ૐ નમઃ શિવાય, જયશ્રી નાગનાથ અને હર હર મહાદેવનાં નાદથી આખું મંદિર ગાજતું રહે છે. શિવ લિંગની પાછળ થોડી ઉંચાઈએ એક લંબચોરસ અને ચાંદી ગઢયા ગોખમાં ચતુર્ભુજ સ્વરૂપે માં ભગવતી પાર્વતીની મૂર્તિ છે. તેમનાં એક હાથમાં કમંડળ અને બીજા હાથમાં માળા છે. બાકીનાં બનને હાથ ખાલી છે.

મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રી તથા શ્રી પાટોત્સવ એમ બે ઉત્સવો દર વર્ષે ઉજવાય છે. તે દિવસોએ બેન્ડ વાજા સહિત ભગવાન શિવની શોભાયાત્રા નગરમાં ફરે છે. મંદિરમાં રૂદ્રાભિષેક અને ભજન કીર્તન પણ થાય છે.

### ભાતીગળ સૌરાષ્ટ્ર

**ટ્રસ્ટની રચના :**

ઈ.સ.૧૯૭૨માં સરકારે એક ટ્રસ્ટ રચી આ મંદિરનો વહિવટ તેને સોપ્યો ભાવિક ભકતો અને ધર્મપ્રેમી દાતાઓના સહકારથી ટ્રસ્ટે મંદિરનાં મોટા ભાગનો જીર્ણોદ્ધાર કર્યો. નવેસરથી રંગરોગાન કરાવ્યા.

પટાંગણની ફર્શબંધીને સુવ્યવસ્થિત કરી શ્રી દત્ત ભગવાનનાં મંદિર, શ્રી શીતળા માતાનાં મંદિર અને શ્રી મારૂતિના મંદિરને નવો આકાર આપ્યો. શ્રી ગણેશ મંદિર નવું બાંધ્યું અને શ્રી ગાયત્રી દેવીનું મંદિર પણ આ જ સમયમાં બંધાવાયું. શ્રી નાગનાથ

શ્રાવણ માસમાં તેમજ અન્ય તહેવારોમાં રાસમંડળીઓ અને બહેનો પણ ગરબા–રાસની રમઝટ મચાવે છે. તથા નવરાત્રિનાં દિવસોમાં રાત્રે બહેનો ગરબા ગાય છે, પવિત્ર દિવસોમાં શિવલિંગ પર ભગવાનનું ચાંદીનું મહોરૂ ચડાવવામાં આવે છે. શ્રાવણ માસમાં સત્પુરૂષના ધાર્મિક પ્રવચનો ગોઠવવામાં આવે છે. વર્ષના અન્ય દિવસોમાં પણ પ્રસંગોપાત કાર્યક્રમો યોજાય છે. સંક્ષેપમાં અમરેલીની મોટાભાગની ધાર્મિક પ્રવૃતિઓનું આ મંદિર કેન્દ્ર બનતું જાય છે.

## આ પુસ્તિકાને અવારનવાર વાંચજો... દારૂ છોડવાની હિંમત આવી જશે


દારૂ, બીડી જેવા ઘાતક શત્રુઓને છોડવાની ઈચ્છા છે ? તો હિંમત કરો.

**દારૂ છોડવાનો પ્રયોગ :**

સવારે ઉઠીને બંને હાથ જુઓ. પાંચ વખત મનમાં કહો : ''આજે હું મારા મોઢામાં ઝેર નહિ નાખું... દારૂ નહિ પીઉં... નહિ પીઉં.'' નાહ્યા–ધોયા પછી વાટકીમાં થોડું પાણી લો. લલાટે એ પાણીનું તિલક કરો. દ્રઢ સંકલ્પ કરો કે હવે હું મારું ભાગ્ય બદલીશ. 'હરિ ૐ... હરિ ૐ... હરિ ૐ..' સવાસો વખત આ મંત્રનો જપ કરો. પાણીમાં નિહાળો અને એ પાણીનાં ત્રણ ઘૂંટડા પી જાઓ. રાત્રે સૂતી વખતે પણ તેમ કરો. ચમત્કારિક ઈશ્વરીય સહાય અવશ્ય મળશે.

**બીડી છોડવાનો પ્રયોગ :**

વરિયાળી ૧૦૦ ગ્રામ, અજમો ૧૦૦ ગ્રામ, સિંધવ મીઠું ૩૦ ગ્રામ, બે લીંબુનો રસ મિશ્રણ કરી તવા ઉપર શેકીને પોતાની સાથે રાખો.




જયારે બીડી પીવાની જરૂર લાગે ત્યારે આ મુખવાસ લેવો. આનાથી લોહી સુધરશે અને બીડી ડાકણથી બચાશે. ''સંત શ્રી આસારામજી દ્વારા લોકોનાં નૈતિક અને ધાર્મિક જીવનનાં ઉત્થાન માટે કરવામાં આવતું કાર્ય ખૂબ જ મહત્વપૂર્ણ અને પ્રશંસનીય છે. આસારામજીએ અહીં આ જંગલમાં મંગલ બનાવી દીધું છે. અહીંથી સંતશ્રી દ્વારા પ્રેરિત સુધારણાનું કાર્ય સમાજજીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવશે. આપ બધા ખૂબ જ ભાગ્યશાળી છો કે આવા મહાન સંતનું સાંનિધ્ય મળ્યું છે. હું ઈશ્વરને પ્રાર્થના કરૂં છું કે હજારો હૈયાંનાં આંસુ લૂછનાર આવા સંતશ્રીને ઈશ્વર લાંબુ આયુષ્ય આપે, એમને દીર્ઘજીવી બનાવે.''

–શ્રી કૈલાસ પીઠાધીશ્વર મહામંડલેશ્વર ૧૦૦૮ સ્વામી શ્રી વિદ્યાનંદગિરિજી મહારાજ, વેદાંત સર્વદર્શનાચાર્ય, કૈલાસ આશ્રમ હૃષિકેશ.

''આસન–પ્રાણાયામ વગેરે યોગિક ક્રિયાઓ કરવાથી શરીરની સ્થૂળતા ઘટે છે અને મન શાંત થાય છે. પરંતુ સાધક યોગમાર્ગમાં બરાબર આગળ તો ત્યારે જ વધી શકે છે, જયારે એને કોઈ પૂર્ણ યોગી ગુરૂ મળે. તમે લોકો ખૂબ જ ભાગ્યશાળી છો, કારણ કે તમને સંત આસારામજી જેવા શકિતપાત કરવામાં કુશળ અને સમર્થ બ્રહ્મનિષ્ઠ ગુરૂ મળ્યા છે.''

– ઉત્તર ગુજરાતનાં પ્રસિદ્ધ વૈદ્ય શ્રી બલરામદાસજી મહારાજ, લોદરા(ગુજરાત)

## બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ

**– પ્રકાશ ડી. કુબાવત**

**(ગયા અંકનું ચાલુ)**

એક વખત રિસેસમાં મેદાનમાં બધાં રમતા હતાં. મનનનાં નાસ્તાનો ડબો સહેજે અધખૂલ્લો રહી ગયો હોય છે. ગલૂડિયું આવીને તેનો નાસ્તો ખાઈ ગયું. બધાનું ધ્યાન રમતમાં હોવાથી કોઈનું ધ્યાન તે તરફ ન હતું. પણ ત્યાં જ રૂદ્રએ બુમ પાડતા કહ્યું કે, ' 'મનન ગલૂડિયું તારો બધો નાસ્તો ખાઈ ગયું. જો હમણાં જ તેને તારો નાસ્તો કરીને જતા જોયું.''

મનન તો તરત જ ગલૂડિયાની પાછળ દોડે છે. મોહિતે ગલૂડિયાને ન મારવા બહુ સમજાવ્યો પણ તે તો તેની વાત સાંભળીને બમણા જોરથી મારવા લાગ્યો. ગલૂડિયા ની રાડો સાંભળીને શાળાનો સ્ટાફ પણ બહાર મેદાનમાં આવ્યો. આચાર્ય દેવજીભાઈએ પૂછયું કે 'શું થયું ?'

મનનને તરત જ કહ્યું કે, ' આ ગલૂડિયું મારો નાસ્તો ખાય ગયું આથી મે તેને માર્યુ.''થોડા દિવસ પછી પાંચ વાગ્યે શાળા પૂરી થતાં મનન, મોહિત, મોન્ટુ વગેરે ચાલીને ઘરે જતાં હતાં, ત્યાં એક વૃક્ષ પર કબૂતરનો ઘબરાયેલો અવાજ આવે છે.

મોહિતે જોયું તો કબૂતરનાં પગમાં વૃક્ષ પર રહેલા પતંગનાં દોરા ભરાઈ ગયા હતા. કબૂતર જોર કરતું હતું પણ પગ દોરામાંથી નીકળી શકતા ન હતા. મનન અને મોન્ટુએ પણ તે જોયું, પણ તેનાં પર આની કંઈ અસર ન થઈ. તે તો જાણે કંઈ જોયું જ નથી તેમ માની આગળ ચાલતા થયા.

મોહિતથી કબૂતરનું દુઃખ ન જોવાયું. તેને વૃક્ષ ચડીને કાતરથી દોરા કાપી નાખ્યા. આથી કબૂતર મુકત થયું અને તરત જ ઉડી ગયું.

પ્રજાસત્તાક દિનને હવે પંદર દિવસની જ વાર હતી. શાળા તરફથી દર પ્રજાસત્તાક દિને 'બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ' આપવામાં આવતો. છેલ્લા બે વર્ષથી આ એવોર્ડ મનનને જ મળતો.

આ વખતે પણ એવોર્ડને લઈને તે બહુ ઉત્સાહિત હતો. કારણ કે



આ વખતે પણ તેનો પહેલો નંબર જ આવ્યો હતો.

પ્રજાસત્તાક દિને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોથી શાળાનું પટાંગણ ખીચોખીચ ભરેલ હતું. બધા ઉત્સુક હતા કે આ વખતે બેસ્ટ સ્ટુડન્ટનો એવોર્ડ કોને મળશે !

આચાર્ય બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડની જાહેરાત કરવા ઉભા થયા ત્યાં તો મનન અર્ધો ઉભો થઈ ગયો.


આચાર્યએ 'બેસ્ટ સ્ટુડન્ટ અવોર્ડ'નું નામ જાહેર કરતા કહ્યું કે, '' આ વર્ષે 'બેસ્ટ સ્ટુડન્ટ અવોર્ડ' મોહિતને મળે છે.'' મોહિતનું નામ સાંભળતા જ મનન ધબાક કરતો બેસી ગયો. તેને વિશ્વાસ ન બેઠો કે કેમ તેનું નામ ન લેવાયું.

સભાને સંબોધતા આચાર્યએ મોહિતની પસંદગીનું કારણ આપતા કહ્યું કે, ''ફકત પરીક્ષામાં બધા કરતા વધારે માર્કસ લાવવાથી જ 'બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ' ન જીતી શકાય. બેસ્ટ સ્ટુડન્ટ ભણવામાં તો હોશિયાર હોવો જોઈએ પણ સાથે–સાથે તેનામાં માનવીય સંવેદના પણ હોવી જોઈએ. મોહિતમાં ભણતર સાથે માનવીય સંવેદના પણ પુષ્કળ છે.'' આચાર્યએ બધા વચ્ચે મોન્ટુનું, ગલૂડિયાનું અને કબૂતરનું ઉદાહરણ આપી સમજાવ્યું.

''આપણે ફકત ભણીને યંત્રવત્ રોબોટ બનવુ નથી, પણ લાગણીને ભણતર સાથે જોડવી છે.'' આચાર્યની વાત સાંભળી પટાંગણમાં બેઠેલા બધા લોકોએ મોહિતને તાળીઓથી વધાવી લીધો.

## આવા શબ્દચિત્રો દોરતા શીખો...



**બાલમિત્રો,**


દિવાળી એટલે દીવાનું પર્વ. આપણે સાથે મળી સમગ્ર ભારતમાં વિદેશોમાં પણ દિવાળી ઉજવી. આમતો મહત્વ એ છે કે એ દિવસે રામ–લક્ષ્મણ, સીતા, હનુમાન વિગેરે રાવણનો સંહાર કરી અયોધ્યા પાછા આવેલ. અયોધ્યાનો રાજ આવે તો આનંદ થાયજ. એમની યાદમાં, સ્વાગતમાં સમગ્ર અયોધ્યામાં લોકોએ રંગોળી પુરી, તોરણો બાંધ્યા, દીપમાળાઓ કરી. આમ પોતાનો ઉત્સાહ પ્રગટ કરેલ. એ પરંપરા આજ વર્ષોથી ચાલી આવે છે. આપણે પણ એમજ કરીએ છીએ.

બાલમિત્રો, દિવાળીમાં ખુબ મજા કરીને ? ફટાકડા ફોડયા, નવા વસ્ત્રો પહેર્યા, મનગમતી મીઠાઈઓ ખાધી, કંઈ કેટલુંય નવું નવું હતુ. હવે મારો તમને પ્રશ્ન છે. બાલમિત્રો, દિવાળીમાં ખાવાપીવાથી માંદા કેટલા પડયા ? કોઈ નહિ ? ના એવું તો ન હોય. કારણ કે, અનિયમિત જીવન થવાય, ઉજાગરા થાય, ફટાકડા ફોડીએ કોઈક તો થયું જ હોય, છતાં મને તમારા પર વિશ્વાસ છે કે બાલ એકસપ્રેસના બાળકો સાવ સલામત છે. તમે કાળજી રાખી તે બદલ અભિનંદન. સાચવીને રહેવું એમાં જ ડહાપણ છે હો...બાલમિત્રો..!

## ભારતના અણુશોધ અને રાષ્ટ્રને અણુયુગ તરફ દોરી જનારા અણુસંશોધનના પિતામહ હોમી ભાભા

સંતાનને જોઈને એવા કયા મા–બાપ હોય જેને આનંદ ના થાય ? માતા–પિતાનાં હૈયામાં ફુલ જેવા બાળકને જોઈને જે ટાઢક થતી હોય છે. એવી તો બીજા કશામાં થતી નથી. ઘણાં બાળકો એવા હોય છે કે એ સૂતું હોય ને સહેજ અવાજ થાય એટલે ઝબકીને જાગી જાય ને વળી પાછું સુઈ જાય. પરંતુ ઘોડિયામાં સૂતેલો બાળ હોમી અવાજ થાય કે ના થાય થોડીક વારમાં ટુંકી નિંદર માણીને પાછો તરત જ ઉઠી જાય. આ તો રોજનો ક્રમ. આમાં કશો ફેરફાર જ નહી.

બાળક જાગતું હોય તો પછી મા–બાપ કેવી રીતે ઉંઘી શકે ? હોમીની આ નહીં ઉંઘવાની બીમારીનાં ઈલાજ માટે મુંબઈના બાળરોગનાં નિષ્ણાંતોને બતાવવામાં આવ્યું. મા–બાપ દવાખાનાં એટલા ફરી વળ્યા પરંતુ કોઈ ઓછી ઉંઘનું નિદાન કરી શકયા નહી. મા–બાપનું તો કાંઈ મન માને ખરૂં ? જહાંગીરજી અને મેહરબહેન હોમીની ઉંઘની તકલીફનું નિદાન– સારવાર કરાવવા માટે લંડન લઈ ગયા. લંડનમાં દાકતરે તપાસ કરીને




જણાવ્યું કે હોમીને નખમાંય રોગ નથી. પરંતુ આ બાળકને અત્યંત જાગૃત – પ્રવૃત મગજ તેની ઓછી ઉંઘનું કારણ છે.

**મગજ તેજ તો ભણવામાં પણ તેજ :** હોમીનું મગજ અત્યંત તેજ હોવાથી ઉંઘ ઓછી છે એવું લંડનના દાકતરે તારણ કાઢયું હતું જે ભણવાની ઉંમર થઈ એટલે સાચું પડતું જણાયું. હોમીને મુંબઈની કેથડ્રેલ શાળામાં દાખલ કરવામાં આવ્યો. અહી શ્રેષ્ઠ શિક્ષકો પાસે ખુબ જ ખંતથી ભણ્યા. કેથડ્રેલ સ્કુલમાં મોટે ભાગે અંગ્રેજ અફસરોનાં સંતાનો ભણતા હતા. શાળામાં દાખલ થાઓ એટલે બહારનાં ભારતને ભુલી જવાય એવું પશ્વિમી વાતાવરણ હતું. એ જમાનામાં અંગ્રેજી પોષાક અને અંગ્રેજી શિક્ષણ અપનાવવામાં પૈસાદારો ગૌરવ અનુભવતા. ખાસ કરીને મુંબઈમાં સ્થાયી થયેલા પારસીઓ આવી બાબતોમાં ઘણા જ આગળ હતા. આપણો દેશી છોકરો હોમી ભણવામાં હંમેશા અવ્વલ રહે એટલે કેટલીયાો શિષ્યવૃતિઓ અને કેટલાંય ઈનામો જીતવા માંડયો.

પ્રાથમિક શિક્ષણ પુર્ણ કર્યા પછી જોન કેનન શાળામાં માધ્યમિક શિક્ષણ લીધું. હોમીની એક વિદ્યાર્થી તરીકેની કારકિર્દી ઉત્તરોત્તર ઉજજવળ બનતી ગઈ. ખાલી ભણવામાં જ નહી ભણવા ઉપરાંતની ઈત્તરપ્રવૃતિમાં પણ રસથી ભાગ લેતા. હોમી બધા વિદ્યાર્થીઓમાંથી સાવ અલગ જ તરી આવતા હતા.

**ચિત્ર, સંગીત અને વાંચનમાં રસ :**

શિક્ષકો અને શાળા ગમે તેટલા સારા હોય પરંતુ બાળકને મા–બાપ અને ઘરનાં તરફથી જે પ્રાપ્ત થાય છે તે ઘણું મહત્વનું બની જાય છે. હોમીનો ઉછેર વાંચનનો બહોળો શોખ ધરાવતા પારસી કુંટુંબમાં થયો હતો. **(ક્રમશઃ)**

## મારો RCC નો સાઇકલ પ્રવાસ

શ્રી કાચા સર અમને ખોડીયાર માઁ ના મંદિરે લઇ ગયા હતા.મારો ટાઈમ ૮:૦૦ થી ૧૧:૩૦ નો હતો. અમે બધા ત્યાં પહોંચ્યા પછી પહેલા ભગવાનની આરતી કરી અને ગણપતી બાપાને હિંચકાવ્યા અને ઘણી બધી રમતો રમી અને બધા અલગ અલગ નાસ્તો લાવ્યા હતા અમે બધાએ નાસ્તો પણ કર્યો.બાદ ફોટા પાડયા અને ચંદનનો ચાંદલો કર્યો, બધાને ખુબ જ મજા મજા કરી.

અમે ખોડીયાર માઁ ના મંદિરે કદાચ ૫ કિ.મી. જેટલુ જ દુર હશે. અને ત્યાંથી પાછા નિકળ્યા અને ત્યાંજ શકિત કોટનમાં અંદર સાઈકલ પાર્ક કરીને ત્યાં જર્મન સેફરનું કુતરુ હતુ. તેને થોડીવાર રમાડીને અંદર ગયા ત્યાં ગાયને ખવરાવવાનું હતુ અને રૂના મશીનો મોટા મોટા હતા.

રૂ મસ્ત માખણ જેવુ હતુ અને તેના નાના કપાસીયા એકસાઇડ મશીનમાં નીકળીને ટ્રેકટરમાં ભરાતા હતા અને બીજી સાઈડ રૂ ના ઢગલા હતા. અને તે રૂ થી થોડીવાર અમે રમ્યા પછી પાછા ત્યાંથી નિકળ્યા અને ઘર તરફ પાછા આવ્યા. ત્યાર બાદ પેવેલીયને જઈને પાણી પી ને બધા પોતપોતાના ઘરે આવ્યા.

મને તો ખુબ જ મજા આવી આ પ્રવાસમાં હવે બીજો પ્રવાસ હશે તો પાછો નિબંધ લખીને જાણ કરીશું.

**– દાફડા જાન્વી જયંતિભાઇ (ધો. ૬–અ–રૂપાયતન સ્કૂલ, અમરેલી)**

# સંકલ્પ કેળવણી માટે યોજનાઓ

## વિચાર શકિત (THOUGHT POWER)


લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

મોટા ભાગનાં લોકોનાં જીવનમાં કંઈ પણ આદર્શ કે ચોકકસ કાર્યક્રમ અથવા સંકલ્પો માટેની આધારભૂત સાંત્વિક પશ્વાદભૂમિકા હોતી નથી તે શોકજનક છે. આથી તેમનું જીવન નિષ્ફળ જ જવાનું, યુવાન પત્નીનાં સંકલ્પોની પશ્વાદભૂમિકા સામાન્ય રીતે વિષયી જીવન હશે, ત્યારે વૃદ્ધ માતાનાં સંકલ્પોની પાછળ પોતાનો પુત્રને પૌત્રો માટેનો પ્રેમ જોવામાં આવશે. મોટા ભાગનાં મનુષ્યનાં વિચારોનું પ્રેરકબળ ઘણાને ઈર્ષા જ હોય છે. આજકાલ યુનિવર્સિટી ડિગ્રીવાળા લોકો સામાન્ય રીતે કેળવાયેલા ને સંસ્કારી ગણાય છે. પણ આધ્યાત્મિક જ્ઞાનની સરખામણીમાં તેમનું જ્ઞાન માત્ર ભૂસારૂપ છે. આવા લોકોનાં જીવનમાં કોઈ પણ આદર્શ, નિશ્વિત કાર્યક્રમ અથવા સંકલ્પો માટે સાંત્વિક ભૂમિકા હોતી નથી. પેન્શન મળ્યા બાદ ડેપ્યુટી કલેકટર ત્રીજી પત્ની પરણે છે. અને કોઈ સ્ટેટનાં દીવાન તરીકે કામ કરવા મંડી પડે છે.

સંસારમાં રચ્ચોપચ્ચો માણસ જાતીય વિષયી વિચારો તેમ જ તિરસ્કાર, ક્રોધ ને વેરઝેરના વિચારોથી ભરપુર હોય છે. આ બે જાતનાં સંકલ્પોએ તેના મનમાં અડ્ડો જમાવ્યો હોય છે. અરે, મનુષ્ય તેના ગુલામ જ બની ગયો હોય છે. આમાંથી પોતાનાં મનને મુકત કરી બીજા સારા ભવ્ય સંકલ્પ પર મનને સ્થિર કરવાનું જતે જાણતો જ નથી. તેને વિચારના નિયમો, મનનો સ્વભાવને તેની સૂક્ષ્મ પ્રક્રિયાનું ભાન જ નથી. તેની પાસે ભૌતિક રિદ્ધિસિદ્ધિ તેમ જ યુનિવર્સિટીમાંથી મેળ વેલું પુસ્તકિયું જ્ઞાન પુષ્કળ પ્રમાણમાં હોવા છતાં તેની સ્થિતિ ખુબ દયાજનક છે. તેનામાં વિવેકનો ઉદય થયો હોતો નથી. તેને સંત, ધર્મશાસ્ત્ર ને ઈશ્વરમા શ્રદ્ધા હોતી નથી. યોગ્ય મનોબળની ખામીએ લીધે તે પાપમય ઈચ્છા, વાસનાં કે લાલચની સામે થઈ શકતો નથી. આમ, મનમાં ઠાંસીને ભરેલ સંસારનો મદ, મોહ, આસકિત, વગેરેને દુર કરવા માટે નિયમિત સંત્સગ એટલે સાધુ, સંન્યાસી કે મહાત્માઓનો સંગ એ જ મુખ્ય ઉપાય છે.નિવૃતિ બાદ મનુષ્યે પોતાનાં સંકલ્પોની ભૂમિકા તદન બદલી નાખવી જોઈએ અને પોતાનો સમય તત્વજ્ઞાન, શાસ્ત્રોનો અભ્યાસ અને આધ્યાત્મિક ચિંતનમાં ગાળવો જોઈએ. ગમે તેવા અયોગ્ય સંકલ્પોને દુર કરી તેને બદલે સદવિચારોને નિયમિત રીતે મનમાં સ્થાન આપવું જોઈએ. આથી પ્રથમ તો શુભ સંકલ્પો કરવા માટેનું વલણ મનમાં ઉત્પન્ન થશે. આગળ જતાં આના સતત અભ્યાસથી મનને માત્ર સાંત્વિક, સદગુણી વિચારો કરવાની ટેવ પડી જશે. પણ આ માટે તમારે ખુબ જ પરિશ્રમ લેવો પડશે.

કેમ કે જુની ટેવો જોર કરી વારંવાર આગળ આવશે. **(ક્રમશઃ)**

# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૨૩૧. આરંભમાં ભોગનો ત્યાગ કરવો પડશે.

૨૩૨. ભોગી જ્ઞાનમાર્ગમાં કે ભકિતમાર્ગમાં આગળ વધી શકશે નહીં.

૨૩૩. ભોગ ભકિતમાં બાધક છે.

૨૩૪. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશનું અનંત સુખ છે.

૨૩૫. ત્યાગથી શાંતિ મળે છે. ધીરે ધીરે સંયમ વધારજો.

૨૩૬. ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કરો.

૨૩૭. ગર્ભવાસ એજ નરકવાસ છે.

૨૩૮. તપ ન કરે તેનું પતન થાય છે.

૨૩૯. મનુષ્યોએ સર્વ સમયે અને સર્વ સ્થળોએ પોતાની સંપૂણ્ શકિતથી ભગવાન શ્રી હરિનું જ શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું જોઈએ. (સ્કંધ ત્રીજો)

૨૪૦. મનને સતત સત્કર્મમાં પરોવી રાખો. મન છૂંટું રહે, નવરું રહે તો પાપ કરે છે.

# પક્ષી કથા : અભિમાની સમુદ્ર



એક હતી ટીટોડી. તે ભલી, ભોળી અને દયાળુ હતી. ટીટોડી જયાં ઈંડા મૂકે તેના પરથી લોકો વરસાદની આગાહી કરતા. આ વખતે ટીટોડીએ સમુદ્રનાં કાંઠે ઈંડા મૂકયા. રોજ ટીટોડી ઈંડા પ્રેમથી સેવે છે. એક દિવસ ટીટોડી ચારો ચરવા ગયેલી. પાછી ફરે છે ને જુએ છે તો પોતાના ઈંડા મળ્યા નહિ. ટીટોડીએ કકળાટ કરી મૂકયો. તે ક્રોધમાં બોલી, ‘‘મારા ઈંડા સમુદ્ર જ લઈ ગયો છે.’’ તેણે સમુદ્રને કહ્યુ ં, ‘‘હે સાગર, તું મારાં ઈંડા પાછા દઈ દે.’’ પણ સમુદ્રે કંઈ જવાબ ન આપ્યો. ટીટોડી તીણો અવાજ કરી વિલાપ કરવા લાગી.

ટીટોડીએ ગુસ્સે થઈ કહ્યું કે, ‘‘હે સમુદ્ર, તું મારા ઈંડા નહિ આપે તો હું તને સૂકવી નાખીશ.’’ છતાં સમુદ્રે કંઈ પ્રત્યુત્તર ન આપ્યો.

પછી તો ટીટોડી ચાંચમાં તરણું લઈ તરણું સમુદ્રમાં બોળે ને તરણાને રેતીમાં જઈ ખાલી કરે. આમ વારંવાર કરવા લાગી ટીટોડીની પ્રક્રિયા જોઈ સમુદ્ર મૂછમાં હસે છે. તે અભિમાની હતો. તે વિચારતો હતો કે આ નાનકડી ટીટોડી મને શું સૂકવી શકવાની હતી.

ટીટોડીની લગન, માતૃત્વને જોઈ ટીટોડીકુળ આખું સમુદ્રને સૂકવવાની કામગીરીમાં લાગી ગયું. ટીટોડીઓનું કાર્ય જોઈ સમુદ્રનાં અભિમાનમાં વધારો થયો. તે હસતો જાય મૂછે તાવ દેતો જાય.

ટીટોડીઓનાં પ્રયત્નથી સમુદ્રનાં પાણીમાં કાંઈ ફરક નહોતો પડતો. છતાં ટીટોડી હિંમત પૂર્વક થાકયા વિના ઈંડા પાછા મેળવવા પ્રયત્ન કરતી રહી.

નારદજી ફરતા ફરતા જતા હતા. તેઓ ટીટોડીની વિચિત્ર પ્રક્રિયા જોઈ નવાઈ પામ્યા. તેમને કંઈ સમજાયુ નહિ. એટલે તેઓ ટીટોડી પાસે આવી પૂછે છે, ‘‘બહેન ટીટોડી, આ તું શું કરે છે ?’’

ટીટોડીએ નારદજીને માંડીને વાત કહી. નારદજીને દયા આવી. ટીટોડીની હિંમત અને બહાદૂરીથી નારદજી પ્રસન્ન થયા. મનમાં વિચાર્યુ કે ટીટોડીને મદદરૂપ થવું.

નારદજીએ સમુદ્રને કહ્યું, ‘ ‘હે સમુદ્ર આ નાનકડા જીવે તારું શું બગાડયું છે ? ટીટોડીને શા માટે હેરાન કરે છે ? તેના ઈંડા આપી દે.’’ પણ સમુદ્ર અભિમાનનાં તોરમાં કંઈ ન બોલ્યો. સમુદ્રની જડતા જોઈ નારદજી ગુસ્સે થયા. તેઓ ઉપાય શોધતા વિચારવા લાગ્યા. ત્યાં આકાશમાં ગરૂડજીને જોયા. નારદજીએ ગરૂડજીને બોલાવ્યા. ગરૂડજી તો મોટી મોટી પાંખો ફફડાવતા નીચે આવ્યા. નારદજીને પ્રણામ કર્યા. ‘‘બોલો દેવર્ષિ કેમ યાદ કર્યો ?’’

નારદજીએ ટીટોડીને મદદરૂપ થવા માંડીને વાત કરી. સમુદ્રનું અભિમાન તોડવા તે ટીટોડીને ઈંડા પાછા મેળવી આપવા ગરૂડને વિનંતી કરી.

ટીટોડી તો પક્ષીકુળ કહેવાય. ગરૂડ તો પક્ષીઓનાં રાજા ગણાય. ટીટોડીની દયનીય દશા જોઈ ગરૂડને દયા આવી. તેમણે પ્રથમ તો સમુદ્રને વિનંતી કરી. પણ સમુદ્ર માન્યો નહિ.

ગરૂડજીને ચડયો ક્રોધ. તેની મુખમુદ્રા તંગ બની. પોતાની વિશાળ પાંખો ફફડાવતા ગરૂડ ઉડતું જાય ને સમુદ્રને સૂકવતું ય. જોતજોતામાં પાણી માંડયું સૂકાવા. ભલી ભોળી ટીટોડી પણ તરણું બોળ ી કિનારે ટીપા નાખતી હતી.

જોતજોતામાં ગરૂડજીની અતુલશકિત પાસે સમુદ્રનું પાણી શું કરી શકે ? પા ભાગનું પાણી સૂકાઈ ગયું. સમુદ્રને હવે ચિંતા થવા લાગી. જો ગરૂડજી ધારશે તો મને સૂકવી દેશે. તેનું અભિમાન ઓગળી ગયું. સમુદ્ર બેહાથ જોડી કહેવા લાગ્યો, ‘‘હે ગરૂડજી, તમારો ક્રોધ શાંત કરો. હું ટીટોડીનાં ઈંડા પાછા આપું છું.’’

ગરૂડજી બોલ્યા, ‘‘સમુદ્ર તું શું એમ સમજે છે કે ટીટોડી નાનું જીવ એટલે દબાવીશ ? ટીટોડીની હિંમત અને તેનુ માતૃત્વ તને જરૂર પરાસ્ત કરશે જ. અમારું સમગ્ર પક્ષીકૂળ તેની સાથે છે. ધારીએ તે કરી શકીએ.’’

સમુદ્ર વિનિતભાવે બોલ્યો ‘‘ગરૂડજી, પ્રથમ તો મને થયેલું કે આ નાનકડી ટીટોડી શું કરી શકવાની હતી ? પણ એ મારી ભૂલ હતી. લ્યો આ ટીટોડીનાં ઈંડા મને ક્ષમા કરો.

ગરૂડજીએ ટીટોડીને ઈંડા આપ્યા, ટીટોડી ખુશ થઈ. તેણે ગરૂડજીનો આભાર માન્યો. ગરૂડજી પોતાનાં નિવાસસ્થાને પાછા ફર્યા. ટીટોડી પ્રેમથી પોતાના ઈંડા સેવવાનાં કાર્યમાં લાગી ગઈ.

– રવજીભાઈ કાચા

# બાળ ઉછેરની બારાખડી

## શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

બાળઉછેરનું સાચું શાસ્ત્ર એટલે માતા સ્વયં. મા એને જે રીતે રાખે છે, સંભાળે છે અને ઉછેરે છે તે જ બાળ ઉછેરની બારાખડી છે. પિતૃ સમાજે જરૂર પૂરતું એમાંથી શીખી લેવાનું છે. પ્રથમ સંતાનથી જ માતાનાં હૃદયમાં પ્રેમનું જે ઝરણું વહેતું થાય છે એનો નવજાત શિશુ પર નિતાંત અભિષેક થાય છે. મનુષ્યનાં જીવનની આ પરમશ્રેષ્ઠ ક્ષણો હોય છે. જન્મથી જ બાળક માતાનાં હાથને અને સાથ–સંગાથને ઓળખે છે. માતાનાં ગર્ભથી વિખૂટા પડયા પછી એનાં દ્વારા થતાં આક્રંદમાં એનું વાસ્તવમાં કોઈક અકલ્પિત ગાન હોય છે. એ એના વિકાસની પ્રક્રિયાનો એક અનિવાર્ય ભાગ છે. જે બાળક જન્મ પછી રડતું નથી એને એબ્નોરમલ માનવામાં આવે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ માતૃહૃદય પણ બૌદ્ધિક અભિગમો વિકસાવીને એને કેળવે છે અને હેળવે છે. મનુષય માત્ર ઈશ્વરને કેટલો પ્રિય છે એ જાણવું હોય તો પોતાનાં શિશુને રમાડતી માતાનું દર્શન કરવું જરૂરી છે, જેની પાસે ખાસ કંઈ નથી એ પોતાનાં શિશુને આટઆટલા લાડ લડાવે છે. જે શિશુ એ માતાને પૂરતુ ઓળખતું જ હોતું નથી, તો જે પરમતત્વ પાસે બધું જ છે એ પોતાના સંતાન તરીકે મનુષ્યને કેટલુ ચાહે છે એની માત્ર કલ્પના કરવી રહી !

# જ્ઞાનમંજરી

(૧૧) ભારતની રાષ્ટ્રમુદ્રા કંઈ છે. ?– ચાર સિંહવાળી શિલ્પાકૃતિ જેમા ત્રણ સિંહ દર્શમાન

(૧૨) ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે.?– વાઘ

(૧૩) ભારતનું રાષ્ટ્રીય ફુલ કયું છે.?– કમળ

(૧૪) ભારતનો રાષ્ટ્રીય મુદ્રાલેખ કયો છે.?–સત્યમેવ જયતે

(૧૫) ભારતની રાષ્ટ્રીય પંચાગ કયું છે. ? ચૈત્ર સુદ એકમથી (શક સંવત)

(૧૬) ભારતની કુલ વસ્તી કેટલી છે? ૧,૨૧,૦૧,૯૩,૪૨૨

(૧૭) ભારતમાં પુરૂષ–મહિલા પ્રમાણ કેટલું છે.?–૧૦૦૦–૯૪૦

(૧૮) ભારતમાં વસ્તીગીચતા કેટલી છે? – ૩૮૨ પ્રતિ ચો કિમી


(૧૯) ભારતનું સૌથી વધુ વસ્તી વાળું રાજય કયું છે.? – ઉતર પ્રદેશ

(૨૦) ભારતનું સૌથી ઓછી વસ્તી વાળુ રાજય કયું છે.? – સિકિકમ

# ચાલો, સારી વાર્તા લખી મોકલજો... બાલ એકસપ્રેસમાં છાપીશું...



# એકસ–રે મશીન



૧૮૯૫ની સાલના એક દિવસે જર્મન પ્રોફેસર વિલ્હેમ રોન્ટજન પોતાની પ્રયોગશાળામાં કામ કરી રહ્યાં હતા ત્યારે અચાનક જ તેમણે એક વિચિત્ર શોધ કરી.

તેમણે જોયું કે જો તેઓ વેકયુમ ટયૂબ(હવા વગરની તદ્દન ખાલી નળી)માં વીજળીનો પ્રવાહ પસાર કરી તેમની વચ્ચે પોતાનો હાથ રાખે તો તેમના હાથનો પડછાયો પડવાના બદલે તેમના હાથની અંદરનાં હાડકાં અને સ્નાયુઓનો પડછાયો પડવાનાં બદલે તેમના હાથની અંદરનાં હાડકાં અને સ્નાયુઓનો પડછાયો પડતો હતો.

આ શોધનાં પરિણામે ડોકટરો પોતાનાં દર્દીનાં શરીરમાં કોઈ વાઢકાપ કર્યા વગર આ કિરણોની મદદથી અંદરનાં હાડકાંની કે સ્નાયુઓની સ્થિતિ જોઈ જાણી શકે છે.

વિશ્વનું સૌથી પહેલું એકસ–રે મશીન ખૂબ વજનદાર અને ધીમું હતું અને તે એકસ–રે મશીન એકસ–રે કાઢવા માટે ૩૦ મિનિટ જેટલો સમય લેતું. જયારે આજના એકસ–રે મશીન અમુક સેકન્ડનો જ સમય લે છે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## વો ભૂલી દાસ્તા...લો ફિર યાદ આ ગઇ

આકસ્મિક રીતે જ કયારેક ભૂતકાળનાં–કોઈ જાણીતી વ્યકિત કે કોઈ ઘટના કે કોઈ ગીત એવી રીતે મળી જાય/સ્મરણમાં ઉભરી આવે, જેથી એકાએક–આખ્ખેઆખો ભૂતકાળ ઝળહળતો જાગૃત થઈ જાય.. એક ઝંકૃતિ.. ઝણઝણાટી સમગ્ર અસ્તિત્વમાંથી પસાર થઈ જાય.. બહુ દૂરનાં વર્ષોની મધુર ક્ષણોનાં ફુલોની તાજગીભરી મહેક ચોમેર ફેલાઈ જાય..

અતીતનાં સંવેદનનો આવો ‘એટેક ’ દર્દસભર મધુરતાથી હૈયાને છલકાવી દેનારો હોય છે.. લાગણીભીનાં માણસોને વારંવાર આવા ‘એટેક’ જીવાય કેમ ?

સુખદ સ્મરણનાં એટેક સુખનું સરનામું છે !

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# જંગલનો રાજા સિંહ




સિંહ આમ જોઈએ તો સામાન્ય લાગે પણ તે જંગલનું અનોખું પ્રાણી છે. તેનો કડો ચહેરો, ગર્વિલી ચાલ અને શકિતશાળી શરીરથી ભલભલાનાં હાંજા ગગડી જાય છે. તેનાં આ દેખાવમાં ડોકથી ખભા સુધી ફેલાયેલી કેશવાળી ઉમેરો કરે છે. તેની સૂંઘવાની શકિત ખૂબ જ તેજ હોય છે માટે તે દૂરથી પોતાના શિકારને સૂંઘી શકે છે.

તે બસ ભૂખ ન લાગે ત્યાં સુધી સિંહ કોઈને હેરાન કરતો નથી. તે ચાલીશ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે. તે બાર ફીટ જેટલી ઉંચી અને ચાલીસ ફીટ લાંબી છલાંગ લગાવી શકે છે. મોટે ભાગે તેઓ શાકાહારી પ્રાણીઓનો શિકાર કરે છે.


સિંહની ઉંમર બાવીસ વર્ષની મનાય છે. બચ્ચાંના જન્મ બાદ છ દિવસે બચ્ચાંની આંખો ખૂલે છે. બચ્ચાં ત્રણ માસ સુધી માતાનું દૂધ પીવે છે. ત્યારબાદ યુવાન થતાં સુધીમાં તો તે શિકાર કરતાં શીખી જાય છે. આશ્ચર્યકારક વાત એ છે કે તે કયારેક ફળ પણ ખાય છે !! સિંહણને કેશવાળી હોતી નથી.

એશિયન સિંહ એક સમયે પશ્ચિમ એશિયા સુધી ફેલાયેલો હતો. માણસ દ્વારા તેનાં અવિચારી શિકારનાં કારણે આ સુંદર પ્રાણી હવે માત્ર ગીરના જંગલમાં જ જોવા મળે છે. આફ્રિકામાં જોવા મળતો સિંહ ગીરનાં સિંહ કરતાં જુદી જાતિનો છે. આપણી પવિત્ર ફરજ છે કે આપણા અફા શાનદાર રાષ્ટ્રીય પ્રાણીનું જતન કરવું.

# આ મારું ચિત્ર છે



કસવાળા નવ્યા નરેન્દ્રભાઈ
(ધો.૭–શ્રી કમીગઢ પ્રાથમિક શાળા)





કીકાણી સ્મીત ચંદુભાઈ
(ધોરણ–૬, શ્રી કમીગઢ પ્રાઈમરી સ્કૂલ)



દાફડા જાન્વી જયંતિભાઈ
(ધોરણ–૬–અ–રૂપાયતન સ્કૂલ અમરેલી)

સરદાર વલ્લભભાઈ પટેલ




પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધો.૫–શ્રી કેરીયાનાગસ પ્રાથમિક શાળા)

# અમરેલીમાં ઉજવાઈ રહેલ દાદા ભગવાનનાં જન્મોત્સવ નિમિત્તે આજે યોજાશે જ્ઞાનવિધિ













જે જ્ઞાન ઋષભદેવ ભગવાને ભરત ચક્રવતી રાજાનેઆપ્યુંહતું, જેના વડે વિશાળ રાજ પાટ હોવા છતાં ભરત રાજા આત્માના ધ્યાનમાં રહી મોક્ષે જઈ શકયા. જે જ્ઞાન શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કુરૂક્ષેત્રની રણભૂમિ ઉપર આપ્યું હતું, જેના કારણે ભીષણ યુદ્ધ કરવા છતાં અર્જુન તે જ ભવમાં મોક્ષના અધિકારી બન્યા–શું તેવું આત્મજ્ઞાન આ કાળમાં શકય છે ? હા, શકય છે. ફકત ૨ કલાકમાં આત્માનો અનુભવ સ્પર્શી શકે તેવા જ્ઞાનવિધિના અદ્‌ભૂત વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા. એવું જ્ઞાન જેનાથી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પણ સમાધિ રહી શકે. જ્ઞાન વિધિમાં અડતાલીસ મિનિટ આત્મા–અનાત્માના ભેદ પાડનારા વાકયો બોલાવવામાં આવે છે. ત્યારબાદ વ્યવહારિક ઉદાહરણ સાથે પાંચ આજ્ઞાઓ વિગતવાર સમજાવવામાં આવે છે. પાંચ આજ્ઞામાં નવા કર્મો બંધાય નહીં અને જૂના કર્મો સંપૂર્ણ પૂરા થાય તેવી રીતે જીવન પસાર કરવાની વ્યવહારિક ચાવીઓ મળેછે જેનાથી સંસાર વ્યવહારની ફરજો બજાવવા છતાં એકપણ ચિંતા કે દુઃખ સ્પર્શે નહીં તે રીતે જીવન જીવવાની ઉમદા સમજણ પ્રાપ્ત થાય છે. અહીં, ૨૩ નવેમ્બરના રોજ આ મહોત્સવમાં વિમલભાઈ મહેતાનાં ડાયરાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. વિમલભાઈએ પણ પોતાનો અનુભવ જણાવતા કહ્યું હતું કે જ્ઞાન લીધા પછી તેમનું ઘર સ્વર્ગ જેવું બની ગયું છે. જીવનની તમામ ચડતી–પડતીમાં પણ પરિવારમાં કોઈ પ્રકારનાં કલેશ વિના સમય પસાર થઈ ગયો, માતા–પિતાના અંતિમ સમયમાં દિલથી સેવા થઈ, તેમના ખૂબ આશીર્વાદ મળ્યા અને જીવન જીવવાનો અભિગમ જ બદલાઈ ગયો. પોતાના જીવનમાં સુખ–શાંતિનો શ્રેય પરમ પૂજય દાદા ભગવાનના જ્ઞાનને આપતા વિમલભાઈએ ડાયરામાં સૌને ૨૫ નવેમ્બરનાં રોજ જ્ઞાન મેળવવા અનુરોધ પણ કર્યો હતો. સાકર ગળી છે શબ્દો બોલવાથી તેની મીઠાશ અનુભવાતી નથી. પણ જયારે સાકરનો ટુકડો કોઈ મોઢામાં મૂકી આપે પછી સાકર કેવી ગળી છે? તેનુંવર્ણનકરવાની જરૂર રહેતી નથી. તેવી જ રીતેજ્ઞાનવિધિબાદ આત્માનો એક વખત અનુભવ થયા પછી તેની પ્રતીતિ જતી નથી. સતયુગમાં જો આવું જ્ઞાન મળ્યું હોત તો તે જ સમયે કેવળજ્ઞાન થઈ શકે તેવો આ જ્ઞાનવિધિનો વૈજ્ઞાનિક પ્રયોગ છે, પણ તે અનુભવ કાળના પ્રભાવથી કાયમ ટકતો નથી. તેમ છતાં, ગમે તેવા સંજોગોના દબાણમાંનામધારી દેહમાં હું શુદ્ધ–આત્મા છું એ પ્રતીતિ ખસતી નથી. અને તેથી જ જીવનમાં હર્ષ કે શોકના પ્રસંગોમાં સમાધિનો અનુભવ થઈ શકે છે. કળિકાળના આશ્ચર્ય સમાન આવો અમૂલ્ય જ્ઞાનવિધિનો વૈજ્ઞાનિક પ્રયોગ અમરેલીના આંગણે આજે શનિવાર, ૨૫ નવેમ્બરનાં બપોરે ૩:૩૦ થી સાંજે૭:૦૦ વાગ્યા સુધી લીલીયા રોડ ઉપર સ્થિત ખારાવાડી ખાતે દાદા ભગવાનનાં જન્મજયંતી મહોત્સવ સ્થળેયોજાશે. જ્ઞાનવિધિમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના કોઈપણ ધર્મ, પ્રાંત કે જાતિના લોકો ભાગ લઈ શકે છે. ઉલ્લેખનીય છે કે જ્ઞાનવિધિ અને સત્સંગ કાર્યક્રમ નિઃશુલ્ક હોય છે. દેશ–વિદેશના લાખો લોકો આ જ્ઞાન અને સમજણ પ્રાપ્ત કરીને જીવનને સુખમય બનાવી શકયા છે. દાદા ભગવાનના ૧૧૬માં જન્મજયંતી મહોત્સવ નિમિત્તે ઊભા કરવામાં આવેલા ૫ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલ ચિલ્ડ્રન પાર્ક અને થીમ પાર્કને ખૂબ જ બહોળો પ્રતિસાદ મળેલ છે. આ વિશાળ નગરી મહોત્સવનું મુખ્ય આકર્ષણ બની ચૂકી છે અને અત્યાર સુધીમાં અમરેલી અને આસ–પાસનાં વિસ્તારોમાંથી લગભગ બે લાખથી વધુ લોકો તેની મુલાકાત લઈ ચૂકયા છે. અહીંપરમ પૂજય દાદા ભગવાને આદર્શ જીવન જીવવા માટે આપેલા સિધ્ધાંતો આજના બાળકો અને યુવાનોને પણ સમજાય તે રીતે વિવિધ આધુનિક માધ્યમો જેવા કે શોર્ટ ફિલ્મ્સ, ઉડી પ્રોજેકશન મેપિંગ શો, રોબોટિકસ વગેરે દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. આખા મહોત્સવ દરમ્યાન (૨૨ થી ૨૮ નવેમ્બર) થીમ પાર્ક અને ચિલ્ડ્રન પાર્ક સાંજે ૪ થી રાત્રે૧૦ સુધી મુલાકાતીઓ માટે ખુલ્લા રહેશે. અક્રમ વિજ્ઞાન અને જ્ઞાનવિધિની વધુ વિગત www. dadabhagwan.org વેબસાઈટ ઉપર મેળવી શકાશે.

પાના ૮ ઉપરનું ચાલું

## દેશભરમાં મોંઘવારી નામની બલ્લાએ

છે કે સારવારનો ખર્ચ અપ્રમાણસર રીતે નવ કરોડથી વધુ લોકોને અસર કરી રહ્યો છે અને તેની કિંમત તેમનાં કુલ ખર્ચનાં ૧૦ ટકાથી વધુ થઈ ગઈ છે. સારવારનાં વધતા ખર્ચનાં કારણે કર્મચારીઓ પર આર્થિક બોજ પણ વધી ગયો છે. તેમાંથી ૭૧ ટકા લોકો તેમના સ્વાસ્થય ખર્ચને આવરી લેવા માટે વ્યકિતગત રીતે સ્વાસ્થ્ય વીમો લે છે.

હોસ્પિટલમાં દાખલ થયા પછી સારવારનો ખર્ચ છેલ્લા પાંચ વર્ષમાં બમણો થઈ ગયો છે. ચેપી રોગો અને શ્વસન સંબંધી વિકૃતિઓની સારવાર માટેનાં વીમા દાવાઓમાં ઝડપથી વધારો થયો છે. ડેટા અનુસાર, ૨૦૧૮માં ચેપી રોગની સારવાર માટે સરેરાશ વીમા કલેમ ૨૪, ૫૬૯ રૂપિયા હતો. જે વધીને ૬૪, ૧૩૫ રૂપિયા થઈ ગયો છે. કોરોનાં મહામારી પછી સારવાર ખર્ચમાં ઝડપથી વધારો થયો છે. સારવારમાં વપરાતી સામગ્રી પરનો ખર્ચ પણ વધ્યો છે. અગાઉ, કુલ બિલમાં આ સામગ્રીનો હિસ્સો ૩ થી ૪ ટકા હતો. જે હવે વધીને ૧૫ ટકા થયો છે. આરોગ્ય વીમાની માંગ વધવાને કારણે સારવાર પણ મોંઘી બની છે.

આરોગ્ય વીમા પ્રિમીયમ સતત વધી રહ્યાં છે. એક વર્ષમાં તેમાં ૧૦ થી ૨૫%નો વધારો થયો છે. વીમા કંપનીઓનું કહેવું છે કે સારવારનો ખર્ચ અને વીમાના દાવા વધી રહ્યાં છે. આવી સ્થિતિમાં પ્રીમિયમ વધારવાની મજબૂરી છે.

રિપોર્ટમાં વાર્ષિક સ્વાસ્થ્ય તપાસ અને નિયમિત ડોકટર પરામર્શ સંબંધિત ડેટા પણ રજૂ કરવામાં આવ્યો છે. મોંઘી સ્વાસ્થ્ય સેવાઓનો કારણે, લગભગ ૫૯ ટકા લોકો વાર્ષિક સ્વાસ્થ્ય તપાસ કરાવવાથી દૂર રહે છે તે જ સમયે ૯૦ ટકા લોકો તેમના સ્વાસ્થ્ય પર દેખરેખ રાખવા માટે નિયમિત પરામર્શને અવગણે છે.

રિપોર્ટ અનુસાર છેલ્લા ૩–૪ વર્ષમાં સૂચિત દવાઓનાં ભાવમાં ૧૫–૨૦ ટકા વધારો થયો છે. દવાઓની કિંમતો વધારવાની આ પ્રક્રિયા પણ કોરોના મહામારી પછી શરૂ થઈ હતી. તે જ સમયે, નોન–શિડ્યુલ દવાઓનાં ભાવમાં પણ ૧૦ થી ૧૨ ટકાનો વધારો થયો છે.

અહેવાલ જણાવે છે કે માત્ર ૧૫ ટકા કર્મચારીઓને તેમના એમ્પ્લોયર દ્વારા સ્વાસ્થ્ય વીમો આપવામાં આવે છે. આ આંકડો દેશનાં રોજગારનાં માહોલની સરખામણીમાં ઘણો ઓછો છે. એટલું જ નહીં, માત્ર ૧૨ ટકા કંપનીઓ ટેલિહેલ્થ સપોર્ટ પ્રદાન કરે છે અને ૧ ટકાથી ઓછી કંપનીઓ બહારનાં દર્દીઓને કવરેજ પ્રદાન કરે છે.

ભારતમાં કેન્સરનો દર્દી આર્થિક સ્થિતિ અને વીમા કવરેજને ધ્યાનમાં લીધા વિના તેની સારવાર પાછળ વાર્ષિક આશરે રૂા.૩.૩૧ લાખ ખર્ચે છે. દેશની ટોચની સાત હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા ૧૨૧૪૮ કેન્સરનાં દર્દીઓ વચ્ચે આ વર્ષે કરવામાં આવેલા અભ્યાસમાં આ અનુમાન લગાવવામાં આવ્યું છે.

આ અભ્યાસ આ વર્ષે જૂનમાં જર્નલ ફ્રન્ટિયર્સ ઈન પબ્લિક હેલ્થમાં પ્રકાશિત થયો હતો. એઈમ્સ દિલ્હી, પીજીઆઈ ચંદીગઢ અને ટાટા મેમોરિયલ સેન્ટર મુંબઈ વગેરે જેવી હોસ્પિટલોનાં દર્દીઓને અભ્યાસમાં સામેલ કરવામાં આવ્યાં હતા.

દેશનાં મોટા શહેરોનાં રિયલ એસ્ટેટ માર્કેટમાં ત્રણ વર્ષ પહેલા ઘર ખરીદવા માટે એક તૃતીયાંશ સુધી વધુ ચૂકવણી કરવી પડે છે. હૈદરાબાદમાં ઘરની કિંમતોમાં સૌથી વધુ વધારો થયો છે. આ પછી, બેંગલુરૂ અને એનસીઆરનાં બજારોમાં મકાનો મોંઘા થઈ ગયા છે.

કોરોનાની અસર ઓછી થતાં દેશમાં મકાનોની માંગ ઝડપથી વધી રહી છે. આ સાથે મકાન બનાવવાની કિંમત પણ વધી છે. જેનાં કારણે મકાનો મોંઘા થઈ રહ્યાં છે.

રિયલ એસ્ટેટ એડવાઈઝરી ફર્મ એનારોક પ્રોપર્ટી કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ ઓકટોબર ૨૦૨૦થી ઓકટોબર ૨૦૨૩ વચ્ચેના ઘરની કિંમતો પર ૭ મોટા શહેરોનાં રિયલ એસ્ટેટ બજારો પર એક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર હૈદરાબાદનાં બજારોમાં ૩૩ ટકા ઘરો સૌથી મોંઘા બન્યા છે.

હૈદરાબાદનાં ગચીબાઉલીમાં છેલ્લા વર્ષમાં ઘરની સરેરાશ સ્કિંમત રૂા.૪,૭૯૦ થી વધીને રૂા. ૬,૩૫૫ પ્રતિ ચોરસ ફૂટ થઈ છે. હૈદરાબાદનાં કોંડાપુરમાં ઘરની કિંમત ૩૧ ટકા વધીને રૂા. ૬,૦૯૦ અને મિયાપુરમાં ૨૮ ટકા વધીને રૂા. ૫,૪૨૦ પ્રતિ ચોરસ ફૂટ થઈ છે.

બેંગલુરૂનાં વ્હાઈટફિલ્ડ માર્કેટમાં ઘરની સરેરાશ કિંમત ૨૯ ટકા વધીને રૂા. ૬,૩૨૫ પ્રતિ ચોરસ ફૂટ, થાનિસાન્દ્રા મેઈન રોડ વિસ્તારમાં ૨૭ ટકા વધીને રૂા. ૬,૬૧૫ અને સરજાપુર રોડ વિસ્તારમાં ૨૬ ટકા વધીને રૂા. ૭,૪૨૫ પ્રતિ ચોરસ ફૂટ થઈ છે. એનારોકનાં રિપોર્ટ અનુસાર, એન.સી.આર વિસ્તારોમાં મકાનોની સરેરાશ કિંમત ૧૭ થી ૨૭ ટકા વધી છે. ગ્રેટર નોઈડા પશ્ચિમમાં મકાનોની મહત્તમ કિંમત ૨૭ ટકા થઈ ગઈ છે. અહીં સરેરાશ કિંમત ૩,૪૫૦ રૂપિયાથી વધીને ૪,૩૮૦ રૂપિયા થઈ ગઈ છે.

એનસીઆરનાં દ્વારકા એકસપ્રેસવે પર, આ કિંમત ૨૦ ટકા વધીને ૬,૪૧૦ રૂપિયા, ન્યુ ગુરૂગ્રામમાં તે ૧૭ ટકા વધીને ૭,૧૧૦ રૂપિયા, રાજનગર એકસટેન્શનમાં તે ૨૧ ટકા વધીને ૩,૯૫૦ રૂપિયા અને નોઈડા સેકટર–૧૫૦માં મકાનોની સરેરાશ કિંમત વધી છે. ૨૫ ટકા વધીને રૂા. ૬,૩૮૦ પ્રતિ ચોરસ ફૂટ છે.

આ રિપોર્ટ અનુસાર પૂણેનાં આઈ.ટી. હબ વાઘોલીમાં મકાનોની સરેરાશ કિંમત ૨૫ ટકા અને હિંજેવાડસમાં ૨૨ ટકા વધી છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન(એમએમઆર)માં, અંધેરીમાં મકાનો ૧૯ ટકા લોઅર પરેલમાં ૨૧ ટકા અને વરલીમાં ૧૩ ટકા મોંઘા થયા છે. કોલકાતાનાં બજારોમાં મકાનોની સરેરાશ કિંમતમાં ૧૩ થી ૨૪ ટકાનો વધારો થયો છે, જયારે ચેન્નાઈનાં બજારોમાં ૧૫ થી ૧૯ ટકાનો વધારો નોંધાયો છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૪૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૮૮ |
| ૨ | ચણા | ૧૧૫૧ | ૧૩૦૦ |
| ૩ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૪ | સોયાબીન | ૮૩૨ | ૧૦૦૦ |
| ૫ | તલ સફેદ | ૩૧૪૫ | ૩૧૪૫ |
| ૬ | મગફળી | ૧૨૭૦ | ૧૪૧૫ |
| ૭ | ચણા છોલે | ૨૫૦૫ | ૨૫૦૫ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૬ | ૫૭૮ |
| ૯ | બાજરો | ૪૭૦ | ૩૭૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## કૃષિ મહોત્સવ યોજાયો

કાર્યક્રમમાં રોટાવેટરના લાભાર્થી ખેડૂતોને પૂર્વ મંજૂરી હુકમોના મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને કૃષિ વૈજ્ઞાનિક ડો. તૃપ્તિબેન ડોડીયાએ, શ્રી અન્ન (મિલેટ)ના મહત્વ વિશે તેમજ કૃષિ વૈજ્ઞાનિક ડો. વી.એન. ગોહિલે, ખેતી ખર્ચમાં ઘટાડા માટે ઈનપુટ્‌સના કાર્યક્ષમ ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનના વધારા વિષયક માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા. બહોળી સંખ્યામાં ઉપસ્થિત અમરેલી તાલુકાના સૌ ખેડૂતોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંબોધનને નિહાળ્યું હતુ. બે દિવસીય રવી કૃષિ મહોત્સવ–૨૩ના બીજા દિવસે એટલે કે આવતીકાલ તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૩ શનિવારના રોજ અમરેલી તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત લેશે. કાર્યક્રમમાં ઓર્ગેનિક મધ, કૃષક ભારતી કો–ઓપરેટિવ લી., જનસેવા કેન્દ્ર, આઈ.સી.ડી.એસ., શહેરી આરોગ્ય કેન્દ્ર, વૃદ્ધ સહાય, વિધવા સહાય, સેવાસેતુ, રેશનકાર્ડ અને આધારકાર્ડની કામગીરી, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ સહિતના પ્રદર્શન સ્ટોલની વ્યવસ્થા પણ જનજાગૃતિ અર્થે કરવામાં આવી છે.

રવી કૃષિ મહોત્સવ– ૨૦૨૩ તાલુકા કક્ષાના કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ સંબોધન કરતા જણાવ્યુ કે, ખેતીમાં પાકની વાવણીથી લઈને પાકના વેચાણ સુધી રાજય સરકાર ખેડૂતોની સાથે છે. રાજય સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી યોજનાઓનો લાભ દરેક લાભાર્થી ખેડૂત સુધી સરળતાથી પહોંચે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યુ કે, અમરેલી જિલ્લાના ખેડૂતોને દિવસે પણ વીજળી મળી રહે તે માટે ફીડર સહિતની કામગીરી પ્રગતિમાં છે, ખેડૂતોને આગામી સમયમાં દિવસે પણ વીજ પુરવઠો મળતો થશે.

રવી કૃષિ મહોત્સવ–૨૩ તાલુકા કક્ષાના કાર્યક્રમમાં કાર્યકારી જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, સંયુકત ખેતી નિયામક ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી દેસાઈ, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી, તાલુકા વિકાસ અધિકારી પંડયા, અગ્રણી ધીરૂભાઈ વાળ ા સહિત પદાધિકારી– અધિકારીઓ અને ખેડૂતો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

**CHANGE OF NAME**

I hereby declare, **Shruti Divyakantbhai Dave** has changed my old name from **Shrutiben Divyakantbhai Dave** to **Shruti Divyakantbhai Dave.** So from now on I will be known by this name.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૧ | ૧૨૭૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૨ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૩૪૦ | ૩૪૧૫ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૩૧૫૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૮૪ |
| ૬ | જુવાર | ૬૦૪ | ૧૩૭૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૪ | ૬૪૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૦ |
| ૯ | મકાઈ | ૬૦૩ | ૬૦૩ |
| ૧૦ | મગ | ૧૫૫૫ | ૧૭૫૬ |
| ૧૧ | અડદ | ૧૧૭૦ | ૧૮૫૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૩૧૬ |
| ૧૩ | તુવેર | ૨૦૧૦ | ૨૦૧૦ |
| ૧૪ | કપાસ | ૯૬૬ | ૧૪૭૫ |
| ૧૫ | એરંડા | ૯૬૦ | ૧૧૫૫ |
| ૧૬ | જીરૂ | ૭૫૦૦ | ૮૩૦૦ |
| ૧૭ | રાયડો | ૯૭૦ | ૯૭૦ |
| ૧૮ | ધાણા | ૧૦૭૦ | ૧૫૧૨ |
| ૧૯ | સોયાબીન | ૮૦૫ | ૧૦૦૫ |
| ૨૦ | રજકાનું બી | ૩૬૭૫ | ૪૫૦૦ |
| ૨૧ | મરચા લાંબા | ૧૮૯૦ | ૩૨૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## જમીન સંપાદનની કામગીરી શરૂ

છે. આ તકે સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવેલ છે કે, આ નોટીફિકેશનમાં અમરેલી જિલ્લાનાં કુલ ૧૭ ગામો અને ૦૨ શહેરી વિસ્તારના સર્વે નંબરોનો સમાવેશ થયેલ છે. જેમાં અમરેલી તાલુકાના નવા ખીજડીયા ગામના–૫૬, ગાવડકા ગામના–૨૫, ચાંપાથળ ગામના–૪, ફતેપુર ગામના–૪૭, ચક્કરગઢ ગામના– ૨૧, મોટા ગોખરવાળા ગામના–૫૭, નાના ગોખરવાળા ગામના–૦૩, ચાંદગઢ ગામના–૧૩, લાપાળીયા ગામના–૫૩ અને અમરેલી શહેરનાં– ૩૦ તેમજ ધારી તાલુકાના જુના ચરખા ગામના–૦૨, નવા ચરખા ગામના–૦૬ તેમજ સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામના–૩૩, ચરખડીયા ગામના– ૧૮, ઓળીયા ગામના–૨૯, મોટા જિંજુડા ગામના–૦૪, બાઢડા ગામના–૫૨, સાવર સમાપાદર ગામના–૪૭ અને સાવરકુંડલા શહેરના–૨૫ એમ કુલ મળી ૫૨૫ સર્વે નંબરોનો સમાવેશ થયેલ છે.

આ નોટીફીકેશનમાં જણાવેલ સર્વે નંબરો ધરાવતા લોકો પૈકી જો કોઈને વાંધો હોય તો તેઓ ૨૧ દિવસની મર્યાદામાં પ્રાંત અધિકારી, અમરેલી સમક્ષ તેઓનો વાંધો રજૂ કરી શકશે તેમ સાંસદએ તેઓની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરા પંથકમાં ૨ નર અને ૨ માદા

એક મળી કુલ ત્રણ પશુઓનું મારણ સિંહ ધ્વારા કરવામાં આવતા માલધારી તેમજ ખેડૂતોમાં ભયની લાગણી પ્રસરી ગઈ છે.

બાબરાના આરએઓ એમ.ડી. કંરગીયા ધ્વારા જણાવ્યું હતું કે સિંહ માદા–૧ અમરેલીનાં ભંડારીયા બાજુથી બાબરા તાલુકામાં પ્રવેશેલ છે જે ઘુઘરાળા થઈ રસઢીયાળ ા અને કરીયાણામાં ગઈ રાત્રે હાજરી નોંધાયેલ. આ સિવાય બાબરા તાલુકામાં અન્ય ત્રણ સિંહો જેમાં પાઠડા–૨ અને માદા–૧ સાલેમાળ વિસ્તાર કાયમી છેલ્લા ૨ વર્ષથી વસવાટ કરે છે. આ દરમ્યાન ખેડૂતોને માલીકીના માલઢોરને નુકસાન થયે એક મહિનામાં તેઓનાં ખાતામાં વળ તર ચુકવવામાં આવે છે. આ સિવાય બાબરા રેન્જમાં સ્ટાફ સતત વન્ય પ્રાણીનું નીરિક્ષણ કરી રહ્યા છે.

આ સિવાય ખેડૂત મિત્રોને પોતાના ઢોર બંધ વાડામાં બાંધવા, રાત્રે એકલા જતા હોય ત્યારે લાઈટ તેમજ લાકડી સાથે બને ત્યાં સુધી જવું તેમજ વન્ય પ્રાણી ધ્વારા મારણ થયેલ હોય ત્યાં ભીડમાં ભેગા ન થવું અને વન્યપ્રાણીને મારણ આરોગવા દેવું અને વન વિભાગને જાણ કરી મારણની અરજી કરવી જેથી વન્ય પ્રાણી અન્ય મારણ ન કરે અને નુકસાન ઓછું થાય તેમજ પ્રાણીથી ભયમાં આવી જવાની બિલકુલ જરૂર નથી. તેમજ જરૂરી સાવચેતીપૂર્વક કામ કરવાથી વન્ય પ્રાણી કયારેય હુમલો કરતો નથી ખાસ કરીને સિંહ તેવું અંતમાં જણાવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરાના શાપર ગામે

જાળી તોડી ફરજામાં ગેરકાયદેસર પ્રવેશ કરી, રૂપિયા દસ હજારમાં લીધેલ ગાયને ફરજામાંથી લઈ જઈ, તિક્ષ્ણ હથિયાર વડે ડાબી બાજુનો પગ કાપી નાખી, પાછળનાં પગમાં ગંભીર ઈજાઓ કરી, વીજ પોલ સાથે બાંધી ક્રૃરતા આચારી ગુનો કરેલ હોય, જે અંગે અરજણભાઈએ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપેલ.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તેમજ બગસરા પોલીસ સ્ટેશનનાં પો.ઈન્સ કે.સી.પારગી તથા બગસરા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા ઉપરોકત ગુનાનાં અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજરોજ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એક શકમંદ ઈસમી પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછ પરછ કરતા ઉપરોકત ગુનાની કબુલાત આપતા, અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં સફળતા મળેલ છે.

મુકેશ નાનજીભાઈ ગમનીયા, રહે. શાપર, શંભુભાઈ નારણભાઈ ડોબરીયાની વાડીએ તા. બગસરા, રહે. ગંગાડ તલાઈ જુની, તા.જિ. બાંસવાડા (રાજસ્થાન)ની અટકાયત કરેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા અમરેલી એલ.સી.બી.નાં હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા તથા બગસરા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ, કે.સી.પારગી તથા બગસરા પોલીસ સ્ટેશન હેડ કોન્સ. કુલદિપભાઈ ભડિંગજી, પોલીસ કોન્સ, સંજયભાઈ ખાડક દ્વારા કરવામાં આવેલ છે.

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ,અમરેલી ની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી. નં ૧૬૯/૨૦૨૩

**અરજદાર :–** શ્રી કૃષ્ણકુમાર મનુભાઈ ભટ્ટ
રે.ડી./૧૦૧, નારાયણ નગર, સનફલાવર સ્કુલની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી

**:: વિરૂધ્ધ ::**

**સામાવાળા :–** જન્મ –મરણ નોંધણી અધિકારીશ્રી ,
–વ–
ચીફ ઓફિસરશ્રી,અમરેલી નગરપાલિકા

**–:: જાહેર નોટીસ ::–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી કૃષ્ણકુમાર મનુભાઈ ભટ્ટએ તેમના **માતૃશ્રી હંસાબેન મનુભાઈ ભટ્ટનું મરણ તા.૧૦/૦૧/૧૯૯૧** ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામે વાળાના જન્મ – મરણ રજીસ્ટમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ રોજ **તારીખ :૦૭/૧૧/૨૦૨૩** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી**

# અમરેલીમાં કૃષિ મહોત્સવમાં મતદાર સુધારણા કાર્યક્રમના સ્ટોલ્સ ઉભા કરાયા






નાગરિકો મતદાર સુધારણા કાર્યક્રમ વિશે જાગૃત્ત થાય અને વધુમાં વધુ નાગરિકો મતદાર સુધારણા કાર્યક્રમનો લાભ મેળવી શકે તે હેતુને પ્રયાને લઈ વિવિધ સ્થળો અને કાર્યક્રમોમાં મતદાતાઓને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમના વિવિધ સ્થળો પર સ્ટોલ બનાવવામાં આવ્યા અને મતદાર સુધારણા કામગીરી અંગે પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લામાં રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે કાર્યક્રમના સ્થળે મતદાતાઓએ મતદાતા સુધારણા કાર્યક્રમની માહિતી મેળવી હતી. મહત્વનું છે કે, અમરેલી જિલ્લાના ૧,૩૭૧ મતદાન મથકોએ આગામી તા.૨૬ નવેમ્બર, ૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા દરમિયાન મતદાર સુધારણા કાર્યક્રમ ખાસ અભિયાન યોજાશે. નાગરિકોએ નામ નોધણી, નામ સુધારા, નામ કમી કરાવવા સહિતની કામગીરી માટે આ તકનો લાભ લેવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### હમાસ જેવા કરવા પડશે હુમલા

## PM અને ગૃહમંત્રીને કરો ટાર્ગેટ, કાશ્મીર ફાઇટે લેટરથી આપી ધમકી

### હાઈ-પ્રોફાઈલ હસ્તિઓને ટાર્ગેટ કરવા આદેશ અપાયો

નવી દિલ્હી, તા. ૨૪

આતંકી સમૂહ કશ્મીર ફાઈટની તરફથી એક ધમકીભર્યો લેટર સામે આવ્યો છે. આતંકવાદી સમૂહે આહ્વાન કર્યું છે કે જેવી રીતે હમાસે કેટલાક સમય પહેલા ઈઝરાયલ પર અટેક કર્યો હતો એવી રીતે હુમલા કરવા પડશે. આતંકી સમૂહ "કશ્મીર ફાઈટ"ની તરફથી એક ધમકીભર્યો લેટર મળી આવ્યો છે. તેમણે પોતાના સદસ્યોને પર્યટકો, બિન-સ્થાનિક લોકો અને સુરક્ષાબળોને ટાર્ગેટ કરવા કહ્યું છે.

સાથે જ ટેરરિસ્ટ ગ્રુપ કશ્મીર ફાઈટે પોતાના સદસ્યોને પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીને ટારગેટ કરવાનાં પણ આદેશ આપ્યાં છે.

કશ્મીર ફાઈટે પોતાના આતંકીઓને હાઈ-પ્રોફાઈલ હસ્તિઓને ટાર્ગેટ બનાવવા કહ્યું છે. સંગઠને ધમકીભરેલા લેટરમાં લખ્યું કે ગાઝામાં થઈ રહેલા નરસંહાર એ તમામ લોકોની આંખો ખોલનારો છે જે સંયુક્ત રાષ્ટ્ર અથવા તો અન્ય માનવાધિકાર સમૂહો અને દેશો પાસે અપેક્ષાઓ રાખે છે.

સમૂહે કહ્યું કે મરી ગયેલી શાંતિ આ તથાકથિત શાંતિનાં રક્ષકો માટે જીવંત પ્રમાણ છે. જો આ પાખંડી ગાઝા નરસંહાર કરવા માટે તૈયાર છે તો HOJKનાં ભવિષ્ય માટે પણ વિચારો. હવે સમય આવી ગયો છે કે IIOJKમાં સશસ્ત્ર પ્રતિકાર લડવૈયાઓ પોતાની રણનીતિને બદલે અને સરમુખત્યારશાહી ભારતીય શાસન અને તેની આસપાસ હાઈ-પ્રોફાઈલ ટારગેટો પર ધ્યાન કેન્દ્રિત કરે.

આતંકી સંગઠનોએ પોતાના લેટરમાં કહ્યું કે આ એક ખતરનાક સ્થિતિ છે અને સશસ્ત્ર પ્રતિરોધ લડવૈયાઓએ બહાર આવવું પડશે અને એ જ સ્થાન પર હુમલો કરવો પડશે જ્યાં સૌથી વધુ પીડા છે. ટારગેટ પર ધ્યાન કેન્દ્રિત કરો અને સમૂહોને તૈનાત કરો.

### એક અહેવાલમાં ચોંકાવનારો દાવો કરાયો

## ભારતમાં મેડિકલ મોંઘવારી દર ૧૪ ટકા પર પહોંચી ગયો

### ૭૧ ટકા કર્મચારી મેડિકલ બિલની ચૂકવણી જાતે કરે છે, ૧૫ ટકા કંપનીઓ છે જે કર્મીઓને હેલ્થ વીમાનું કવર આપે છે

નવી દિલ્હી, તા. ૨૪

સરેરાશ ભારતીયોની કમાણીનો એક મોટો હિસ્સો તો મેડિકલ બિલ પાછળ જ ખર્ચાઈ જાય છે. દેશમાં આ વર્ષે મોંઘવારીએ લોકોને જ્યાં ભારે મુશ્કેલીમાં મૂક્યા છે ત્યાં વધતાં મેડિકલ બિલોએ (મેડિકલ બિલ) પણ ઘા પર મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. એશિયામાં મેડિકલ ખર્ચનો મોંઘવારી દર (મેડિલ ઈન્ફ્લેશન) સૌથી વધુ ભારતમાં જોવા મળ્યો.


એક રિપોર્ટ અનુસાર ભારતમાં મેડિકલ મોંઘવારી દર ૧૪ ટકાએ પહોંચી ગયો છે. એવામાં દેશની સામાન્ય પ્રજા પર સતત મેડિકલ ખર્ચનું ભારણ વધતું જઈ રહ્યું છે. વધતાં જતા મેડિકલ બિલને લીધે કર્મચારીઓ પર વધારાનું આર્થિક ભારણ વધી રહ્યું છે. દેશના ૭૧ ટકા કર્મચારી મેડિકલ બિલની ચૂકવણી જાતે કરે છે અને ફક્ત ૧૫ ટકા જ એવી કંપનીઓ છે જે કર્મચારીઓને હેલ્થ વીમાનું કવર આપે છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે વધતાં મેડિકલ ખર્ચને કારણે ૯ કરોડથી વધુ ભારતીયોના જીવન પર અસર થઈ છે અને તેમની કમાણીનો ૧૦ ટકા હિસ્સો તો બીમારીઓની સારવાર પાછળ જ ખર્ચ થઈ જાય છે.

અગાઉ નીતિ આયોગે રિપોર્ટમાં જણાવ્યું હતું કે દેશમાં નોકરિયાત વર્ગની સંખ્યા ૨૦૩૦માં વધીને ૫૬.૯ કરોડ થઈ જશે. જ્યારે ૨૦૨૨ માં આ લોકોની સંખ્યા ફક્ત ૫૨.૨ કરોડ જ હતી.

એવામાં નોકરિયાત લોકોની સંખ્યામાં વધારા બાદ પણ દેશમાં હેલ્થ ઈન્શ્યોરન્સ કવરમાં વધારો જોવા મળ્યો નથી જે એક ચિંતાજનક સ્થિતિ છે. કંપનીઓ દ્વારા અપાતી હેલ્થ ઈન્શ્યોરન્સ સુવિધા અંગે ૨૦થી ૩૦ વર્ષના યુવાઓ વચ્ચે ખૂબ જ ઓછી જાગૃકતા છે. જ્યારે ૫૧ કે તેનાથી વધુ વયના લોકો સ્વાસ્થ્ય વીમો વધુ ખરીદે છે. આ સાથે જ ૪૨ ટકા એવા પણ છે જે કંપની દ્વારા અપાતી હેલ્થ ઈન્શ્યોરન્સ સેવાને કર્મચારીઓને અનુકૂળ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકેછે. આ રિપોર્ટથી એ જાણ થાય છે કે ભારતમાં કાર્યરત ફક્ત ૧૫ ટકા જ કંપનીઓ એવી છે જે તેમના કર્મચારીઓને હેલ્થ ઈન્શ્યોરન્સની સાથે સાથે ટેલીહેલ્થ વગેરે જેવી અનેક સુવિધાઓ આપે છે.

કોર્પોરેટ ઈન્ડિયાનું સ્વાસ્થ્ય રિપોર્ટ ૨૦૨૩ શીર્ષક હેઠળના રિપોર્ટમાં જાણ થઈ કે ફક્ત હેલ્થ ઈન્શ્યોરન્સ જ નહીં પણ દેશના લોકો હેલ્થ ચેક અપ કરાવવા મામલે પણ ઘણાં પાછળ છે. દેશના ૫૯ ટકા લોકો એવા છે જે તેમના વાર્ષિક હેલ્થ ચેકઅપ નથી કરાવતા. જ્યારે ૯૦ ટકા લોકો એવા છે જે પોતાની હેલ્થ પર યોગ્ય રીતે ધ્યાન નથી આપતા.

### "સાધુ વાસવાણી જન્મદિવસ : આંતરરાષ્ટ્રીય મીટ લેસ ડે"




દર વર્ષે ૨૫ નવેમ્બરે કરૂણાવતાર, કેળવણીકાર, એક મહાન કવિ, તત્વજ્ઞાની, સંત અને ગરીબો, પ્રાણીજીવમાત્રાના સેવક સાધુ ટી.એલ. વાસવાણીજી નાં જન્મદિવસે આંતરરાષ્ટ્રીય મીટ લેસ ડે ઉજવવામાં આવે છે. સાધુ વાસવાણીજીનું સંપૂર્ણ જીવન સમાજ સેવા થકી પ્રભુ સેવાનાં કાર્યોમાં જપસાર થયું હતું. ૧૯૯૩માં હૈદરાબાદમાં કન્યાઓ માટે સેન્ટ મીરા સ્કુલની સ્થાપના કરી તેઓએ કન્યા કેળવણી (શિક્ષણ) પર ભાર મુક્યો, કારણ કે તેઓ માનતા હતા કે જે ઘરમાં સ્ત્રી શિક્ષિત હશે તે આખું કુટુંબ શિક્ષિત બનશે. તેઓ અભ્યાસમાં ચારિત્ર્ય નિર્માણ પર ભાર મુકતા સાદગી, સેવા, પવિત્રતા અને પ્રાર્થના તેમના મુખ્ય ચાર સિપ્રધાંતો રહ્યા હતાં. તેઓ કહેતા કે માસ ન ખાવાથી આપણે ઘણી બધી બિમારીઓ જેવી કે મેદવૃદ્ધિ, હદયને લગતી બિમારીઓ, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, અને અમુક પ્રકારનાં કેન્સર (ખાસ કરીને ફેફસાના કેન્સરથી) બચી શકીએ છીએ. માસ શાકભાજી કરતા મોંઘુ હોવાથી તેનો વપરાશ બંધ કરવાથી નાણાની બચત પણ કરી શકાય છે ઉપરાંત માસ ખાવાથી થતી બિમારીઓનો જોખમ ઘટવાથી દવાઓ પાછળ થતા ખર્ચને પણ બચાવી શકાય છે અને આ રીતે સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુધારા દ્વારા આપણે દેશ માટે વધુ ઉપયોગી કાર્ય કરી શકીએ છીએ. માંસાહાર એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઈન ની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતેઆપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે.

વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ–પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ–પેકેજ જ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ–ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ–પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હ્રદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજસંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એકપ્રયાનમાં લેવા જેવી બાબત છે કે હાથી,ઘોડો,ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દુર રહેવું જોઈએ.

લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

### સમગ્ર વિશ્વની નજર ચીનમાંથી નિકળતી બીમારી પર

## ચીનમાં પ્રસરેલી બીમારી પર ભારતની બારીક નજર

### ભારત ચીનમાં બાળકોમાં ન્યુમોનિયાના નોંધાયેલા કેસોની દેખરેખ રાખી રહ્યું છે : કટોકટીનો સામનો કરવા માટે તૈયાર

નવી દિલ્હી, તા. ૨૪

કોરોના મહામારી બાદ આખી દુનિયાની નજર ચીનમાંથી નીકળતી કોઈ બીમારી પર અટકેલી છે. હાલ એક રહસ્યમય બીમારીએ ચીનમાં તરખાટ મચાવ્યો છે. આ રહસ્યમય બીમારીના મોટાભાગના દર્દીઓ ચીનના ઉત્તર-પૂર્વ બેઈજીંગ અને લિયાઓનીંગની હોસ્પિટલમાં જોવા મળ્યા છે.

બાળકોમાં તાવ,ખાંસી અને શ્વાસ લેવામાં પરેશાની જેવા લક્ષણો જોવા મળી રહ્યા છે જે ન્યુમોનિયાની માફક છે. જે અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારત ચીનમાં બાળકોમાં ન્યુમોનિયાના નોંધાયેલા કેસોની નજીકથી દેખરેખ રાખી રહ્યું છે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યાર સુધીની પરિસ્થિતિને આધારે ભારત પર જોખમ ઓછુ છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત વર્તમાન પરિસ્થિતિમાંથી ઉદ્ભવતી કોઈપણ કટોકટી સામે લડવા તૈયાર છે. હાલ ચીનમાં બાળકોમાં એચ૯એન૨ ફાટી નીકળવા અને શ્વસન સંબંધી બીમારીના ક્લસ્ટર પર કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય નજીકથી નજર રાખી રહ્યું છે. ભારત એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા કેસ તેમજ ચીનમાંથી નોંધાયેલા શ્વસન રોગના ક્લસ્ટરથી ઓછું જોખમ ધરાવે છે. માહિતી અનુસાર જે બાળકો આ રોગથી પીડાઈ રહ્યા છે તેમને શ્વાસ લેવામાં તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ડબ્લ્યૂએચઓએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગના ચીનના અધિકારીઓએ ૧૨ નવેમ્બરે એક પત્રકાર પરિષદ સંબોધી હતી અને ચીનમાં શ્વાસ સંબંધિત આ રોગ વિશે માહિતી આપી હતી. આ રહસ્યમય રોગથી બીમાર બાળકોમાં કોઈ ચોક્કસ લક્ષણ તો નથી પરંતુ બાળકોના શરીરનું તાપમાન વધી જાય છે અને ફેફસાંમાં ગાંઠ બની જાય છે. હોસ્પિટલમાં ફરી બેડ ખૂટી પડવાની સ્થિતિ સર્જાઈ રહી છે. દર્દીઓએ સારવાર માટે ૨-૨ કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પડી રહ્યું છે.

આ મામલે ડબ્લ્યૂએચઓએ કહ્યું કે કોરોના પ્રતિબંધોમાં રાહત આપવાને કારણે જ આ બીમારી ફેલાઈ છે. આ સાથે ડબ્લ્યૂએચઓએ બીમારી થયેલા બાળકોમાં ઈન્ફ્લૂએન્ઝા, સાર્સ કોવ-૨, માઈક્રોપ્લાઝ્મા ન્યૂમોનિયા અંગે વધારાની માહિતી માગવામાં આવી છે. ચીનમાં બાળકોના બીમાર થવાની તાજેતરની ઘટનાઓ કોરોના જેવા લક્ષણોનું પુનરાવર્તન કરતી દેખાઈ રહી છે.

### મોરબીમાંથી શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો

## અત્યાચાર વધવાનું કારણ એટ્રોસિટીમાં સજા નથી થતી : જીગ્નેશ મેવાણી

### આ મામલે જીગ્નેશ મેવાણીએ ઓછા સમયમાં આરોપીઓને સજા કરવામાં આવે તેવી માંગ કરી છે

મોરબી,તા. ૨૪

મોરબીમાંથી શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. મોરબીની રાણીબા ઈન્ડસ્ટ્રીઝમાં પગાર લેવા મામલે યુવાનને માર મરાયો હોવાનો આક્ષેપ કરાયો છે.

અનુસુચિત જાતિના આગેવાનો, મહિલાઓ સહિતના લોકો કલેકટર કચેરીએ પહોચ્યા હતા. અત્રે જણાવીએ કે, બે દિવસ અગાઉ પગાર લેવા ગયેલા યુવાનને ૧૨ લોકોએ પટ્ટા વડે માર માર્યો હતો. જેમાં વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા સહિત અન્ય કેટલાક શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. મોરબી છ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રાયોટિંગ અને એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

મોરબી રાણીબા ઈન્ડસ્ટ્રીઝમાં પગાર લેવા જતા યુવાનને માર પડ્યાની ઘટના પ્રકાશમાં આવતા ફરિયાદ નોંધાઈ છે. જે સમગ્ર મામલે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે, ગુજરાતમાં દલિતો પર અત્યાચાર થઈ રહ્યા છે. એટ્રોસીટીમાં સજા ન થવાને લીધે આવી ઘટનાઓ બને છે. તેમણે આ ઘટનાને નીમ્ન સ્તરની ગણાવી છે તેમજ ઓછા સમયમાં આરોપીઓને સજા કરવામાં આવે તેવી માંગ કરી છે.

જિગ્નેશ મેવાણીએ જણાવ્યું કે, ભારતભરમાં દલિતો પર થતાં અત્યાચારની ઘટનામાં સજાનો દર ૧૦૦માંથી ૩૬ ટકા છે, એટલે કે, અત્યાચારની ૧૦૦ ઘટના બને ત્યારે માત્ર ૩૬ ઘટનામાં સજા થાય છે.

વધુમાં કહ્યું કે, જ્યારે ગુજરાતમાં આવા કિસ્સાઓમાં સજાનો દર માત્ર ૫ ટકા જ છે. જેના કારણે જાતિવાદી તત્વોમાં એવો મેસેજ ગયો છે કે, દલિતોના આત્મસન્માનમાં ચેડા કરો તેમજ બાઈક પર જય ભીમ લખાવો ત્યારે મારો તેમજ મૂછ રાખો ત્યારે હુમલો કરો કે પંદર દિવસનો વેતન માગવા પર માર મારવો.

# કાનાતળાવનાં શિવ દરબાર આશ્રમનાં પૂ. ઉષામૈયા ભકતગણો સાથે નર્મદા મૈયાની યાત્રાએ








સાવરકુંડલાનાં કાનાતળાવ ખાતે આવેલ શિવદરબાર આશ્રમનાં પૂ. ઉષામૈયા અને તેમના સેવક મુકેશભાઈ વિંછીયા સહિત સૌ કોઈ નર્મદા મૈયાની પરિક્રમા માટે રોકડીયા હનુમાનજી મંદિરેથી પ્રસ્થાન કર્યુ હતું. અંદાજિત ૩૬૦૦ કિ.મી. નર્મદા નદીની પરિક્રમા મહિના સુધી ચાલશે. આ તકે જય નર્મદાનો નાદ ગુંજી ઉઠયો હતો.

## તબીબી ખર્ચમાં પાંચ વર્ષમાં બમણો વધારો અને મકાનની કિંમત ૩ વર્ષમાં ૩૩ ટકા વધી

# દેશભરમાં મોંઘવારી નામની બલ્લાએ હાહાકાર મચાવ્યો


પેટ્રોલ-ડીઝલ, વીજબીલ, ખાદ્ય સામગ્રી, સોનું સહિત દરેક જીવનજરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા

મોંઘવારીનાં મુદ્દે બદનામ થયેલ ડો. મનમોહનસિંગનાં કાર્યકાળ કરતાં મોદી સરકારમાં મોંઘવારી વધી

કેન્સર જેવો જીવલેણ રોગ થાય તો પરિવાર આર્થિક રીતે કંગાળ બની જાય તેવી હાલત

દેશની સરકારો જનતાને જ્ઞાતિ, જાતિવાદમાં કાર્યરત રાખીને મહત્વની સમસ્યાનો ઢાંક પિછોડો કરતી જોવા મળે છે

















પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૨૪

આજથી ૧૦ વર્ષ પહેલા સમગ્ર દેશમાં ''બહુત હુઈ મેંહગાઈ કી માર, અબ કી બાર મોદી સરકાર''નો નાદ ગુંજી ઉઠયો હતો અને મોંઘવારી પ્રશ્ને ભારે બદનામ થયેલ ડો. મનમોહનસિંગની સરકાર કરતાં આજે મોંઘવારીએ કરોડો પરિવારને ચુંગાલમાં ફસાવી દીધા છે. સારવાર ખર્ચમાં પાંચ વર્ષમાં બમણો વધારો થયો છે. તો ઘરનું ઘર ખરીદવાનું ૩ વર્ષમાં ૩૩ ટકા મોંઘુ થયું છે. પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ, સોનુ, અનાજ, કઠોળ, શાકભાજી, સ્ટેશનરી સહિત તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૫૦થી લઈને ૨૦૦–૩૦૦ ટકાનો ભાવ વધારો થતાં સૌ કોઈ પરેશાન છે અને સરકાર દેશની જનતાને જાતિ, જ્ઞાતિમાં ફસાવીને મુળ સમસ્યાને છુપાવવાનો પ્રયાસ કરતી જોવા મળી રહી છે.

ભારતમાં સારવારની મોંઘવારીનો દર એશિયામાં સૌથી વધુ છે. તે ૧૪ ટકા સુધી પહોંચી ગયો છે. દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાં ચેપી રોગોનો ખર્ચ પાંચ વર્ષમાં બમણો થઈ ગયો છે. અન્ય ગંભીર રોગોનાં ખર્ચમાં પણ વધારો થયો છે. ઈન્સ્યોરટેક કંપની પ્લમનાં તાજેતરનાં રિપોર્ટમાં આ વાત સામે આવી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું

અનુસંધાન પાના ૬ ઉપર

### નેશનલ હાઈવે માટે જમીન જરૂરી બનતા

## મહુવા–સા.કુંડલા–અમરેલી–જેતપુર વચ્ચે માર્ગ બનાવવા જમીન સંપાદનની કામગીરી શરૂ

### ૫૦૦થી વધુ સર્વે નંબરની જમીન સંપાદન કરાશે

અમરેલી, તા. ૨૪

મહુવા–સાવરકુંડલા–અમરેલી–બગસરા–વડીયા–જેતપુર નેશનલ હાઈવે–૩૫૧ ને મંજૂરી અપાવ્યા બાદ પેકેજ–૧ મહુવાથી બાઢડા, પેકેજ–૨ બાઢડાથી અમરેલી અને પેકેજ–૩ અમરેલીથી બગસરાનું કંસ્ટ્રકશન કામ ઝડપથી ચાલુ થાય તે માટે કેન્દ્રીય મંત્રી નીતિનભાઈ ગડકરીને તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને અસરકારક રજૂઆતો થતાં જેના ફળ સ્વરૂપે ભારત સરકારના સડક પરીવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ નેશનલ હાઈવે ૩૫૧ મહુવા – જેતપુર નિર્માણના કામે જમીન સંપાદન માટે નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું

અનુસંધાન પાના ૬ ઉપર






### રખડુ શ્વાન અને ગાયનાં કારણે પરેશાની વધી

## અમરેલીનાં અનેક રહેણાંક વિસ્તારોમાં મહિલાઓ, બાળકો અને વૃધ્ધોને પસાર થવું મુશ્કેલ

### હાથમાં લાકડી લઈને ઘર બહાર નીકળવું પડે તેવી સ્થિતિ





ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં રખડુશ્વાન અને ગાયનાં કારણે રહેણાંક વિસ્તારોમાં મહિલાઓ, બાળકો અને વૃધ્ધોને ઘરની બહાર નીકળવામાં હાથમાં લાકડી લઈને બહાર નીકળવું પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે. તેમજ રાત્રિનાં સમયે રખડુ શ્વાન વચ્ચે થતી લડાઈ કે તેમનાં ભસવાનાં કારણે શહેરીજનોની ઉઘને વિક્ષેપ થઈ રહયો છે.

અમરેલી શહેરમાં અંદાજિત ૨૫૦૦ જેટલી ગાય, ખુંટિયા તેમજ તેટલી જ સંખ્યામાં રખડૂ શ્વાનનો રૂઆબ જોવા મળે છે. તેઓની વચ્ચે શહેરીજનો રહે છે કે તેઓ શહેરીજનોની વચ્ચે રહે છે. તે સમજાતું નથી.

આશ્ચર્યજનક બાબતએ છે કે પાલિકાનાં શાસકો પાસે રખડૂ શ્વાન કે અન્ય પશુઓને સલામત સ્થળે ખસેડવાનું કોઈ આયોજન જ નથી. સમસ્યા દુર કરવાનાં પણ વિચાર શાસકોને આવતો નથી. અને શહેરીજનો પાસે નિસાસા નાખવા સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ રહેતો નથી.

### અનુરૂપ વિવાહએ શાહ અને જાડેજા મેરેજ બ્યુરોનાં સંપાદન સાથે ગુજરાતમાં સેવાઓનો વિસ્તાર કર્યો

અનુરૂપ વિવાહ, લગભગ પાંચ દાયકાઓથી મેચમેકિંગ સેવાઓમાં અગ્રણી નામ, ગર્વથી વાઈબ્રન્ટ ગુજરાતી સમુદાયમાં તેના વિસ્તરણની જાહેરાત કરે છે. મહારાષ્ટ્રમાં ૪૯ વર્ષની સફળતા બાદ અને આ વર્ષની શરૂઆતમાં ગુજરાતમાં તાજેતરનાં સાહસ બાદ, અનુરૂપ વિવાહાએ અમદાવાદ સ્થિત વિખ્યાત મેરેજ બ્યુરો શાહ એન્ડ જાડેજાનો ૩૩ વર્ષ જુનો બિઝનેશ હસ્તગત કર્યો છે. જેની માલિકી અને સંચાલન શ્રીમતી કલ્પના શાહ છે. અને શ્રીમતી નયના જાડેજા.

ડિરેકટર તન્મય કાનિટકરે, જે તેમનાં યુવા નેતૃત્વ અને ગતિશીલતા માટે જાણીતા, આ નોંધપાત્ર પગલા વિશે ઉત્સાહ વ્યકત કર્યો, 'મહારાષ્ટ્રમાં અમારો વારસો સ્થાપિત કરીને અને અમારી પ્રક્રિયાઓ અને મોબાઈલ એપને નવીન બનાવ્યા પછી, અમે અમારી સેવાઓને ગુજરાતી સમુદાય સુધી પહોંચાડવા માટે ઉત્સાહિત છીએ. અમારો ઉદેશ્ય અમને મળેલી સફળતાની નકલ કરવાનો અને વૈશ્વિક ગુજરાતી સમુદાયને સેવા આપવાનો છે. આ સંપાદન અમારી ગતિને વેગ આપે છે. ગુજરાતમાં પ્રવાસ, અને અમે શાહ અને જાડેજાનાં વર્તમાન ગ્રાહકોનાં સતત સંતોષની ખાતરી કરવા માટે સમર્પિત છીએ.''

અનુરૂપ વિવાહનાં મેનેજિંગ ડિરેકટર ડો.ગૌરી કાનિટકરે વ્યકિતગત સેવાઓ સાથે આધુનિક ટેકનોલોજીના મિશ્રણ પર ભાર મુકયો હતો. 'અનુરૂપ વિવાહ તકનીકી કાર્યક્ષમતા અને બેસ્પોક મેચમેકિંગ સેવાઓના સંમિશ્રણને મૂર્તિમંત કરે છે. અમારી પ્રતિબદ્ધતા માર્ગદર્શન, પરામર્શ અને આદર્શ જીવન સાથી – અનુરૂપ મેચની શોધમાં રહેલ છે.'

આ વ્યુહાત્મક સંપાદન અને વ્યકિતગત મેચમેકિંગ માટે અનુરૂપ વિવાહની અતૂટ પ્રતિબદ્ધતા સાથે, સંસ્થાનો હેતું ગુજરાતી સમુદાયમાં એક પરિપુર્ણ અને સુસંગત જીવનસાથીની શોધમાં વ્યકિતઓને વધુ સશકત બનાવવાનો છે.

અનુરૂપ વિવાહ વિશે : અનુરૂપ વિવાહ ૪૯ વર્ષથી મેચમેકિંગ ઉદ્યોગમાં એક વિશ્વસનીય નામ છે, જે વ્યકિતગત સેવાઓ પ્રદાન કરે છે. અને વર –કન્યાઓની સુવિધા માટે આધુનિક તકનીકનો લાભ લે છે. અનુરૂપ વિશ્વનાં ૫૭ દેશોમાં કલાયન્ટ બેઝ ધરાવે છે. પુણે, મહારાષ્ટ્રમાં મુખ્ય મથક, અનુરૂપ વિવાહ નવીનતા અને વ્યકિતગત માર્ગદર્શનના મિશ્રણ દ્વારા વ્યકિતઓને તેમનાં અનુરૂપ જીવન ભાગીદારો શોધવામાં મદદ કરવા માટે સમર્પિત છે.

સંપર્ક : 1800-267-7991 વેબસાઈટ : www.anuroopwiwaha.com









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)